# જાગૃતિ સંદેશ

કિંમત : રૂા. ૫.૦૦




પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

વર્ષ ૧૩ – સળંગ અંક : ૧૫૨ – ઑગસ્ટ - ૨૦૧૨



JAIN JAGRUTI CENTRE
CENTRAL BOARD
&
CHARITABLE TRUST

JAIN SOCIAL GROUP
INTERNATIONAL FEDERATION


# FIRST JOINT MEETING

SAHARA STAR 3rd AUG. 2012

## યે દોસ્તી હમ નહીં તોડેંગે...







# ફુટુંબની તંદુરસ્તી માટે, એક માત્ર વિશ્વાસ **રાઈસીલા** ઉપર



A product from an
ISO 9001:2008 & HACCP
Certified Company

# RICELA

## Physically Refined Rice Bran Oil

- 'રાઈસીલા' એક માત્ર એવું ખાદ્ય તેલ છે જેના રીફાઈનીંગમાં કોસ્ટીક અને એસીડ નો ઉપયોગ થતો નથી.
  - ફીઝીકલી રીફાઈન કરવાથી પૌષ્ટીક તત્વ વધુ જળવાઈ રહે છે.
- 'રાઈસીલા'માં રહેલું અનોખું ગુણકારી તત્ત્વ ઓરીઝનોલ (Oryzanol) થી ભરપુર છે જે કોલેસ્ટ્રોલને સમતુલિત કરવામાં મદદ કરે છે.
  - ગુણકારી/HDL ને વધારે છે અને નુકસાનકારક/LDL- VLDL ને અત્યંત ઘટાડે છે.
- 'રાઈસીલા' માં બધા પ્રકારની ફેટ સમતુલિત માત્રામાં હોવાને કારણે આ તેલનો ઉપયોગ લાંબો સમય કરી શકાય છે.
  - દેશ વિદેશના આહાર સલાહકાર સંસ્થાઓ દ્વારા પ્રમાણીત થયેલ છે.

Available at
Malls & Selected
Retail Outlets.



Dr. A. R. Sharma, Chairman of the Company receiving First National Award for R & D efforts in developing a unique Physical Refining Process.

Contains unique nutraceuticals
**Oryzanol & Tocotrienols (Vit-E)**
having scientifically
**proven health benefits**

Physically Refined
**Rice Bran Oil**

with ORYZANOL Guarantee




3 Times NATIONAL AWARD Winner

Trans-fat FREE

with Natural VITAMIN E

a balanced oil for the balanced diet

ADVT

ricela Health Foods Ltd.

For details call us at 1800-180-2411 (Toll Free) • www.ricela.com
Mumbai Tel.: 022 2500 8776 Cell.: 9820404943 • E mail : jatin.ricela@gmail.com

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com



માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**

**કેબિનેટ કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| | શ્રી દીનેશ એલ. નાણાવટી |
| સેક્રેટરી જનરલ | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી | : શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી દ્વિજેષ પી. શાહ |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી અનિલ જી. દોશી |
| ખજાનચી | : શ્રી રાજેષ સી. ગાંધી |
| | શ્રી રાજેષ આર. ભણશાલી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી પ્રવીણ એ. શાહ |

શ્રી રમેશ એમ. સંઘવી

● પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
● કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


છૂટક મૂલ્ય રૂા.૫/-    વાર્ષિક લવાજમ રૂા.૫૦/-

## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

આપણે ચિંતાજનક ઝોનમાં પ્રવેશી ચૂક્યા છીએ. મેઘરાજા રૂઠી ગયા છે. ગુજરાતમાં ફક્ત ૨૦% જ વરસાદ થયો છે અને એ પણ ૪૦% વિસ્તારમાં જ બાકીનો વિસ્તાર કોરોધાક છે. મુંબઈમાં મેઘરાજા સંતાકૂકડી રમી રહ્યા છે. Catchment Areaમાં વરસાદ નહીં પડે તો મહાનગરના ૧૨૦ લાખ લોકો તકલીફમાં આવી જશે.

તેવી જ રીતે કર્ણાટક, કેરાલા અને મહારાષ્ટ્રનો મોટો ભાગ વરસાદથી વંચિત છે. કુદરત સાથે ચેડાં કરીએ તો કુદરત રૂઠે જ ને! વરસાદને જેની સાથે જુગલબંધી છે તે જંગલો અને હરિયાળીનો આપણે કચ્ચરઘાણ કાઢી નાખ્યો છે. એમ.પી.નાં ૫૦% જંગલો Teak Wood મેળવવાની લાયમાં કાપી નાખ્યાં. મલયેશિયાનાં ૬૦% જંગલો માણસોએ ફના કરી નાખ્યાં અથવા અલનેનોએ સળગાવી મૂક્યાં.

ભારત કે ચીન કે મલયેશિયા - સરહદ તો આપણે જ બનાવી છે, કુદરતે નથી બનાવી. જાવા-સુમાત્રાનાં જંગલો સાફ થઈ જાય તો તેની અસરથી ભારત બચી ન શકે. હજી માણસજાતમાં જાગૃતિ આવતી નથી. હજી ચોથા આરાની શરૂઆત જ છે તો બાકીનાં વર્ષો કેવાં જશે! ચાલો આપણે સૌ મળીને ભગવાનને પ્રાર્થના કરીએ અને મેઘરાજાને મનાવી લઈએ અને ભારતના એક સારા, જવાબદાર, જાગૃત નાગરિક તરીકે પાણીનું એકએક બુંદ બચાવવાનું (Water Conserve) અભિયાન અપનાવી લઈએ!

ચોથા આરાની વાત આવી તો આપણે કબૂલ કરવું પડે કે જૈન શાસ્ત્રે હ...જા....રો... વર્ષ પહેલાં આ કાળની કલ્પના કરી લગભગ વાસ્તવિક ચિત્ર શાસ્ત્રોમાં દર્શાવ્યું છે અને બારીકાઈથી જુઓ તો એ જ પ્રમાણે હાલ બની રહ્યું છે! એટલું જ નહીં, પણ એમાંથી આંશિક રીતે બચવા યોગ્ય ઉપાયો પણ સૂચવ્યા છે.

માનો કે ન માનો, જૈન ધર્મ પરની આસ્થા પ્રબળ બનતી જાય છે. બાળકોથી માંડીને વડેરાઓ બધા જ ઉગ્ર તપસ્યા કરી રહ્યા છે. ધાર્મિક તત્ત્વજ્ઞાનની પ્યાસ ઊઘડી છે. યુવાન વર્ગ આપણું તત્ત્વજ્ઞાન મેળવવા તેનો અભ્યાસ ઠેકઠેકાણે કરી રહ્યા છે. આ એક સારી નિશાની છે. આમ છતાં મારી એક વ્યથા દોહરાવું છું. જૈનોને વસ્તી એકદમ પાંખી હોવા છતાં આપણે કેમ અહમ્‌નો ભોગ બની વિખરાયેલા છીએ! કેમ આપણે એક થઈ શકતા નથી? કેમ આપણે અંદરોઅંદર બાખડીએ છીએ? ન્યાય મેળવવાના ઓઠા હેઠળ કાનૂની લડાઈ લડીએ છીએ અને જેઓને જૈન ધર્મનું કશું જ્ઞાન ન હોય તેવા જૈનેતરો પાસે દોડી જઈને પૈસો, સમય અને શક્તિની બરબાદી

કરીએ છીએ? આ વર્ષે અલગઅલગ કેટલાં પર્યુષણ છે? આપણી આવનારી પેઢીને આપણે આ જ શિખવાડશું? એટલા માટે ફિરકાઓથી પર એક નવો જ સમાજ નિર્માણ કરવાનું કાર્ય જૈન જાગૃતિ સેન્ટરે આદર્યું છે.

મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ૨૦૦ વર્ષમાં જ બે ફિરકામાં વહેંચાઈ ગયેલ જૈન સમુદાય કાળેક્રમે લગભગ પાંચસો વર્ષ પહેલાં ત્રણ અને ત્યાર બાદ છેલ્લી સદીમાં ચાર ફિરકામાં વહેંચાઈ ગયો. અત્યારે તો ગણી ન શકાય તેટલા ફાટા પડી ગયા. એક જ ભગવાન, એક જ શાસ્ત્ર, એક જ તત્ત્વજ્ઞાન હોવા છતાં ક્ષુલ્લક વિચારભેદને કારણે અસંખ્ય વાડામાં વિભાજિત થઈ ગયેલા જૈન સમુદાયને ફરી એક છત્ર નીચે લાવવાનો ભગીરથ પ્રયાસ જેમ જૈન કોમની અગ્રેસર સંસ્થા જૈન જાગૃતિ સેન્ટરે છેલ્લાં ૩૮ વર્ષથી આદર્યો છે તેવી જ રીતે ૪૭ વર્ષથી બીજી એક અગ્રેસર સંસ્થા જૈન સોશિયલ ગ્રુપે આદરેલ છે. આ બન્ને સંસ્થા જૈન ઉત્થાન માટે એકધારું કાર્ય કરી રહી છે. તા. ૩-૮-૨૦૧૨નો દિવસ એક ઐતિહાસિક દિન બની ગયો.

જૈન સોશિયલ ગ્રુપ ફેડરેશન દ્વારા થોડા સમય પહેલાં આયોજિત યુવામેળામાં જેજેસી ચૅરમૅન તરીકે મને મળેલા આમંત્રણને માન આપી હું Courtsey visitમાં ગયેલો ત્યારે JSG ફેડરેશનના હોદ્દેદારો સાથે મુલાકાત થઈ હતી. ત્યારે અરસપરસ વિચારવિમર્શ કર્યા બાદ એવું નક્કી થયું કે જૈન સમાજમાં પોતાનાં કાર્યો વડે છવાઈ ગયેલી બન્ને અગ્રિમ સંસ્થા જેજેસી અને જેએસજીના લક્ષ્ય એક જ હોઈ, એક સંયુક્ત મિટિંગ કરી, એકબીજાને મળીને વિચારોનું આદાન-પ્રદાન કરીએ.

આના અનુસંધાનમાં તા. ૩-૮-૨૦૧૨નો દિવસ એક ઐતિહાસિક દિન બની ગયો. તે દિવસે જેજેસીના ૧૭ હોદ્દેદારો અને જેએસજીના ૧૩ હોદ્દેદારનું એક સ્નેહમિલન મૈત્રીપૂર્ણ વાતાવરણમાં થયું, જેમાં પદાધિકારીઓનો અરસપરસ પરિચય કર્યા બાદ એકબીજાનાં સામાજિક કાર્યોની માહિતીની આપ-લે થઈ. આપણે જેએસજીના સાર્વજનિક થીમ પ્રોજેક્ટ 'જલધારા'થી માહિતગાર થયા તો તેઓ જેજેસીના સાધર્મિક થીમ પ્રોજેક્ટ 'હાયર એજ્યુકેશન અભિયાન'થી માહિતગર થયા. આપણા પ્રોજેક્ટથી પ્રભાવિત થઈ જેએસજી ફેડરેશનના પ્રમુખ શ્રી દિલીપ શાહે ફેડરેશન વતી તાત્કાલિક રૂા. એક લાખનો ચેક જેજેસી-ચૅરિટેબલ ટ્રસ્ટને સાદર કર્યો. બન્ને સંસ્થાના સભ્યોનું કુલ સભ્યપદ ૧,૩૦,૦૦૦ને આંબી જાય છે તો સંયુક્તપણે આપણે જૈન કૉમ્યુનિટી માટે શું ન કરી શકીએ? અલ્પસંખ્યામાં હોવા છતાં જેમ યહૂદીઓ તેમની એકતા અને દૃઢ મનોબળથી પૂરા વિશ્વમાં પોતાની અલગ Identity ઊભી કરી છવાઈ ગયા છે તે જ પ્રમાણે આપણે પણ કરી શકીએ. જરૂર છે ફક્ત પ્રબળ ઈચ્છાશક્તિની અને ખમીરની!

આ તબક્કે હું જગદીશ જોષીની એક પંક્તિ ટાંકીશ :

''ધારો કે એક સાંજે આપણે મળ્યા અને આપણે હળ્યા.

પણ આ આખા આયખાનું શું?

માનો કે હોઠ સહેજ મહોરી ઊઠ્યા ને છાતીમાં મેઘધનુષ ફોરી ઊઠ્યા

પણ હવે પછીના મિલનનું શું?

મિત્રો, હાયર એજ્યુકેશન અભિયાન સુપેરે ચાલી રહ્યું છે. આપણી કાર્યશૈલીથી સાધર્મિક લોકચાહનાને નવી ઊંચાઈ પ્રાપ્ત થઈ છે અને લોકચાહનાની પાછળ શુભેચ્છા અને આશીર્વાદ આવે જ છે. જરૂરતમંદોને રોટલો આપવાને બદલે રોટલો કમાઈ લેવાની શક્તિ અને તક આપો તો તેની કેટલીય પેઢી તરી જશે તેમ ડાહ્યા માણસો કહી ગયા છે અને આપણે તે જ કરી રહ્યા છીએ.

૨૦૦૫માં શરૂ કરાયેલા આ અભિયાન દ્વારા કેટલાય આશાસ્પદ હોશિયાર વિદ્યાર્થીઓને નવું જોમ મળ્યું, પ્રેરણા મળી, શક્તિનો સંચાર થયો અને તેમની મૂળભૂત, પણ પૈસાના અભાવે દબાઈ ગયેલી મહત્ત્વાકાંક્ષા જાગૃત થઈ ઊઠી અને નિમિત્ત બન્યું જૈન જાગૃતિ સેન્ટર! આમાંના ઘણા વિદ્યાર્થીઓ ભણીગણીને ડિગ્રી પ્રાપ્ત કરી સારી રીતે સેટ થતા જાય છે અને જેજેસી પ્રત્યેનું ઋણ ચૂકવવા પ્રેમથી, હાયર એજ્યુકેશન અભિયાનને પ્રજ્વલિત રાખવા તેમનો ફાળો મોકલતા જાય છે અને આપણને સંતોષના મીઠા ઓડકાર આવે છે!

આ અભિયાનને સફળ બનાવવા સેન્ટ્રલ બોર્ડ અને ચૅરિટેબલ ટ્રસ્ટના માંધાતાઓ સમયની પરવા કર્યા વિના સખત પરિશ્રમ કરી રહ્યા છે. દર ગુરુવાર અને શનિવારે સહાય માટે આવેલી અરજીના વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ લઈ તાત્કાલિક સહાય આપવામાં આવે છે. મુંબઈ બહારના, મુખ્યત્વે ગુજરાતના વિદ્યાર્થીઓને મુંબઈ સુધી આવવું ન પડે તેટલા માટે તા. ૫-૮-૨૦૧૨ ને રવિવારે સેન્ટ્રલ બોર્ડ અને ચૅરિટેબલ ટ્રસ્ટના ૧૭ જેટલા પદાધિકારીઓ પાલડી-અમદાવાદમાં આવેલ 'ઝાલાવાડ ભવન' ખાતે પહોંચી ગયા જ્યાં પૂરા દિવસ દરમિયાન ઈન્ટરવ્યૂ લઈ ૧૨૨ જેટલા વિદ્યાર્થીઓને On the spot ચેક આપી રેકર્ડ સ્થાપી દીધો.

ગામેગામથી આવેલા વિદ્યાર્થીઓને એકસાથે નહીં બોલાવતા

સમયના અમુક જ સ્લૉટમાં બોલાવી કોઈનો પણ સમય બિનજરૂરી રીતે વ્યય ન થાય તેવી કાબેલ વ્યવસ્થાથી એક જ દિવસમાં આ શક્ય બન્યું. અમદાવાદ ખાતેની બધી જ વ્યવસ્થા જેજેસી-ચૅરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી અને જેજેસી-કર્ણાવતીના પ્રમુખ શ્રી પ્રવીણ એ. શાહ દ્વારા કરવામાં આવી.

ઝાલાવાડ ભવનની સગવડતાપૂર્ણ વિશાળ જગ્યા, અન્ય વ્યવસ્થા ઉપરાંત પદાધિકારીઓને Couritious Hospitality તેઓના સૌજન્ય થકી પ્રાપ્ત થયું. તેમની સાથે જેજેસી-કર્ણાવતી અને એલિસ બ્રિજના કાર્યકરોએ ખભેખભા મિલાવી આપેલા સકારાત્મક સહકારની પણ સેન્ટ્રલ બોર્ડ કદર કરે છે.

મેં જાહેર કરેલ મનસૂબા પ્રમાણે વિવિધ સેન્ટરોની મુલાકાત લેવાનો મારો દોર ચાલુ જ છે. અગાઉ નક્કી થયા પ્રમાણે ૨૯ જુલાઈના રોજ જેજેસી-કોઈમ્બતુરની મુલાકાત લઈ બધા કારોબારી સભ્યોને મળવાનો લાભ લીધો. તેઓ પણ જેજેસીની પ્રણાલી પ્રમાણે સારી પ્રવૃત્તિ કરી રહ્યા છે.

રાષ્ટ્રીય ફલક પર જઈએ તો હમણાં જ દેશના સર્વોચ્ચ પદ-રાષ્ટ્રપતિપદની ચૂંટણી થઈ અને અપેક્ષા પ્રમાણે માનનીય શ્રી પ્રણવ મુખરજી ભારે બહુમતીથી ચૂંટાઈ આવ્યા. દેશ અત્યારે ઘણીબધી સમસ્યાથી ઘેરાઈ ગયો છે, સરહદ પારના કહેવાતા મિત્રો રાજકીય અડપલાં કરી આપણને પરેશાન કરી રહ્યા છે.

પાકિસ્તાન જેવો નબળો-પાંગળો દેશ પણ આપણને પરેશાન કરી રહ્યો છે અને આપણને રાજરમતમાં પરાસ્ત કરે છે ત્યારે ભારતને એક વિચક્ષણ રાજપુરુષની જરૂર છે અને પ્રણવદાએ તેમની ૪૨ વર્ષની રાજકીય કારકિર્દી દરમિયાન દેશને ઘણી આપદ્ પરિસ્થિતિમાંથી સલામત દોરી લાવ્યા છે તેથી ચાણક્ય બુદ્ધિ ધરાવતા શ્રી પ્રણવ મુખરજીને રાષ્ટ્રપતિપદે 'જૈન જાગૃતિ સેન્ટર' હાર્દિક આવકારે છે એવી આશા સાથે કે દેશમાં આપદ્ સ્થિતિ આવે નહીં અને જો આવે તો પરિસ્થિતિ સંભાળી લે.

તેવી જ રીતે બીજી એક શાંતિચાહક પર્સનાલિટી શ્રી હમીદ અન્સારી પણ ઉપરાષ્ટ્રપતિપદે ચૂંટાઈ આવતા તેમને પણ હાર્દિક આવકાર સાથે જેજેસી અભિનંદન પાઠવે છે.

પૂરા વિશ્વનું ધ્યાન ખેંચનાર ઈવેન્ટ એટલે ઑલમ્પિક-૨૦૧૨! ખેદની વાત એ છે કે ભારતની ૧૨૦ કરોડની વસ્તીમાંથી ભાગ્યે જ કોઈ ખેલાડી એવો પાકે છે જે ભારતને સુવર્ણચંદ્રક મેળવી આપી ગૌરવ અપાવે! ભૂલથી જો બ્રોન્ઝ મૅડલ મળી જાય તો ભારતનું મીડિયા ઊછળી ઊછળીને સમાચાર છાપે અને આપણી ભોળી પ્રજા ફટાકડા ફોડી આનંદનો કલશોર મચાવી તેને વધાવી લે તેવી શરમજનક પરિસ્થિતિ છે. આ પરિસ્થિતિમાંથી ક્યારે બહાર નીકળશું? આપણામાં શું કસર છે? રાજકીય રંગે સંપૂર્ણ રીતે રંગાયેલા આપણે રમતગમતમાં પણ ખટપટ કરીએ છીએ તે કારણ હશે? ભગવાન જાણે.

(પણ આ લખી રહ્યો છું ત્યારે એક સમાચાર આવી રહ્યા છે. મન મોરલો નાચી ઊઠયો - નર્મદાના ઉપરવાસમાં વરસાદથી સરદાર સરોવર છલકાઈ ગયું-મુંબઈને જળ પૂરું પાડતા સરોવરમાં સૌથી મોટું સરોવર મોડકસાગર છલકાઈ ગયું. સાઉથ ગુજરાતમાં ભારે વરસાદ થયો. ચાલો નિરાંત થઈ. આપણી પ્રાર્થના ફળી! આનંદો.)

હાલમાં આપણા સ્થાનકવાસી મિત્રોના પર્યુષણ પર્વ ચાલી રહ્યા છે. ઘણી જગ્યાએથી ઉગ્ર તપસ્યાના સમાચાર આવી રહ્યા છે. દરેક તપસ્વીની ક્ષેમકુશળતા-શાતા ચાહુ છું.

વીતેલા વર્ષ દરમિયાન જાણતા-અજાણતા મારાથી કોઈને મનદુઃખ થયું હોય તો મન-વચન-કાયાથી અંતઃકરણપૂર્વક સર્વેની ક્ષમા માગી ખમાવું છું.

આ લખી રહ્યો છું તે દિવસ ૧૫ ઑગસ્ટ આપણો સ્વાતંત્ર્ય પ્રાપ્તિ દિન. સૌને સ્વતંત્રતા દિન મુબારક.

*લિ. રમેશ મોરબિયા*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

## ક્ષમાપના

વીતેલા વર્ષ દરમિયાન અમારા વૈચારિક, શાબ્દિક કે દૈહિક વર્તનથી જાણતાં કે અજાણતાં કોઈનું પણ મનદુઃખ થયું હોય, લાગણીને ઠેસ પહોંચી હોય તો તે બદલ સાંવત્સરિક પર્વના પાવન અવસરે જૈન જાગૃતિ સેન્ટર પરિવારના ૬૪,૦૦૦ સભ્યો, શુભેચ્છકો, દાતાઓ, દરેક સેન્ટરના કારોબારી સભ્યો તથા 'જાગૃતિ સંદેશ'ના તમામ વાચકો, લેખકોને કષાયરહિત અંતઃકરણથી ક્ષમા માગી ખમાવીએ છીએ.



**લિ.**
**ક્ષમાભિલાષી**
**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ**
**તથા**
**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ ના સર્વે પદાધિકારીઓ**

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| • અમૃતનગર | : | ૦૪-૦૭-૧૨ | પ્રહસન : 'ગુજ્જુભાઈની ગોલમાલ' | ✉ |
| | | ૧૫-૦૭-૧૨ | મૂવી : 'બોલબચ્ચન' | ✉ |
| • અંકલેશ્વર | : | ૧૭-૦૬-૧૨ | નાટક : 'અને પાનખર વીતી ગઈ' | ✉ |
| • બીચ સાઈડ | : | ૧૨-૦૭-૧૨ | મૂવી : 'બોલબચ્ચન' | ✉ |
| | | ૧૧-૦૭-૧૨ | નાટક : 'અરે વહુ હવે થયું બહુ' | ✉ |
| | | ૧૯-૦૭-૧૨ | નાટક : 'ક કાનજીનો 'ક' | ✉ |
| • બોરીવલી | : | ૨૩-૦૭-૧૨ | નાટક : 'મારી શું ભૂલ ?' | ★ |
| • ચેમ્બુર | : | ૦૯-૦૭-૧૨ | કચ્છી નાટક : 'જિન્દગી જલસો ભને વઈ' | ▲ |
| | | | સરસ્વતી સન્માન | ✉ |
| • દાદર | : | ૦૯-૦૭-૧૨ | મૂવી : 'બોલબચ્ચન' | ✉ |
| • દહિસર | : | ૨૭-૦૬-૧૨ | ઑર્કેસ્ટ્રા : 'This is Ad. (અમિત જાદવ) | ✉ |
| • એલિસ બ્રિજ | : | ૧૨-૦૬-૧૨ | નાટક : 'એકબીજાને નડતા રહીએ' | ✉ |
| • ગોલ્ડન ગારોડિયા | : | ૧૫-૦૭-૧૨ | પ્રહસન : 'ગુજ્જુભાઈની ગોલમાલ' | ▲ |
| • જામનગર | : | ? | તંબોલા : 'ક્વીઝ ગૅમ શો' | ★ |
| • જુહુ બીચ | : | ૧૦-૦૭-૧૨ | મૂવી : 'બોલબચ્ચન' | ✉ |
| | | ૧૬-૦૭-૧૨ | નાટક : 'ક કાનજીનો 'ક' | ✉ |
| | | ૨૨-૦૭-૧૨ | નાટક : 'તું છે લાજવાબ' | ▲ |
| • જુહુ | : | ૦૯-૦૬-૧૨ | મૂવી : 'રાવડી રાઠોડ' | ✉ |
| | | ૧૨-૦૭-૧૨ | નાટક : 'તું છે લાજવાબ' | ✉ |
| • કાંદિવલી | : | ૧૭-૦૭-૧૨ | નાટક : 'અરે વહુ હવે થયું બહુ' | ✉ |
| • લે. વિં. અમદાવાદ | : | ૨૧-૦૬-૧૨ | મૂવી : 'ફરારી કી સવારી' | ▲ |
| • લે. વિં. સેન્ટ્રલ મુંબઈ | : | ૧૭-૦૭-૧૨ | નાટક : 'તું છે લાજવાબ' | ✉ |
| • લે. વિં. સુરેન્દ્રનગર | : | ૦૬-૦૭-૧૨ | (બર્થ-ડે) મૂવી : 'બોલબચ્ચન' | ▲ + Cake |
| • લે. વિં. મહેસાણા | : | ૨૪-૦૬-૧૨ | મૂવી : 'તેરી મેરી કહાની' | ▲ |
| • મલાડ | : | ૦૫-૦૭-૧૨ | નાટક : 'તું છે લાજવાબ' | ★ |
| • મહેસાણા | : | ૦૮-૦૭-૧૨ | હસાયરો 'ગમ્મત ગુલાલ' | ✉ |
| | | ? | નાટક : 'રાજા વાંદરા ને વરરાજા' | ✉ |
| • મુલુંડ | : | ૨૯-૦૬-૧૨ | નાટક : 'ક કાનજીનો 'ક' | ✉ |
| | | ૧૩-૦૭-૧૨ | પ્રહસન : 'ગુજ્જુભાઈની ગોલમાલ' | ✉ |
| | | ૨૮-૦૭-૧૨ | નાટક : 'ચાલ ઇશ્વર ઇશ્વર રમીએ' | ✉ |
| | | ? | મૂવી : 'બોલબચ્ચન' | ✉ |
| • નવી મુંબઈ | : | ૦૯-૦૭-૧૨ | નાટક : 'તું છે લાજવાબ' | ✉ |
| | | ૧૯-૦૭-૧૨ | રંગારંગ : 'હુતુતુતુ' | ✉ |
| • પનવેલ | : | ૧૨-૦૭-૧૨ | રંગારંગ : 'હુતુતુતુ' | ✉ |

| | | | | |
|---|---|---|---|---|
| ● રાજાવાડી | : | ૦૫-૦૭-૧૨ | નાટક : 'અરે વહુ હવે થયું બહુ' | ✉ |
| ● સી સાઇડ | : | ૧૦-૦૭-૧૨ | મૂવી : 'બોલબચ્ચન' | ✉ |
| | | ૧૫-૦૭-૧૨ | નાટક : 'તું છે લાજવાબ' | ▲ |
| | | ૩૧-૦૭-૧૨ | નાટક : 'ક કાનજીનો 'ક' | ✉ |
| ● શિવાજી પાર્ક | : | ૨૩-૦૭-૧૨ | નાટક : 'ક કાનજીનો 'ક' | ✉ |
| | | ૧૩-૦૭-૧૨ | ગૅમ શો : 'મ્યુઝિકલ તંબોલા (પંચવાટકર)' | ✉ |
| ● સાયન-માટુંગા | : | ૦૯-૦૭-૧૨ | પ્રહસન : 'ગુજ્જુભાઈની ગોલમાલ' | ✉ |
| | | ૧૭-૦૭-૧૨ | મૂવી : 'કોકટેલ' | ✉ |
| ● તાડદેવ | : | ૦૮-૦૬-૧૨ | નાટક : 'લાગણીની લાઈફ લાઈન' | ✉ |
| | | ૨૩-૦૬-૧૨ | નાટક : 'મારો પિયુ ગયો રંગૂન' | ✉ |
| | | ૨૪-૦૬-૧૨ | મૂવી : 'ફરારી કી સવારી' | ✉ |
| | | ૦૬-૦૭-૧૨ | મૂવી : 'બોલબચ્ચન' | ✉ |
| | | ૧૩-૦૭-૧૨ | મૂવી : 'કોકટેલ' | ✉ |
| ● વાપી | : | ૦૭-૦૭-૧૨ | નાટક : 'રૂપિયાની રાણી ને ડૉલરિયો રાજા' | ✉ |
| | | ૦૮-૦૭-૧૨ | મૂવી : 'બોલબચ્ચન' | ✉ |
| ● વાશી | : | ૦૭-૦૬-૧૨ | નાટક : 'તું છે લાજવાબ' | ✉ |
| | | ૨૬-૦૬-૧૨ | નાટક : 'અરે વહુ હવે થયું બહુ' | ✉ |
| | | ૦૬-૦૭-૧૨ | ઑર્કેસ્ટ્રા : 'રાજેન્દ્ર પાલ અને સાથીઓ' | ✉ |
| | | ૧૬-૦૭-૧૨ | નાટક : 'મારી શું ભૂલ ?' | ✉ |
| ● વિલે પાર્લે | : | ૦૪-૦૭-૧૨ | નાટક : 'મારો પિયુ ગયો રંગૂન' | આઇસક્રીમ |
| (૩૮મો બર્થ-ડે) | | ૨૬-૦૭-૧૨ | ઑર્કેસ્ટ્રા : 'The Journey of Indian Cinema' | ★ |

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

## પ્રવાસ-પિકનિક-ધર્મયાત્રા સંપન્ન

| જે.જે.સી. | પ્રવાસસ્થળ | દિનાંક |
|---|---|---|
| બોરીવલી | મહુડી-શંખેશ્વર-અંબાજી | તા. ૧૩-૦૭-૨૦૧૨થી તા. ૧૫-૦૭-૨૦૧૨ |
| જૂનાગઢ | One Day Picnic, શ્રી રામદેવ પીરના મંદિર | તા. ૨૨-૦૭-૨૦૧૨ |
| લે. વિં. મહેસાણા | એકદિવસીય પિકનિક સાથે ધર્મયાત્રા<br>શ્રી ત્રિભુવન તીર્થ-રાજગૃહી તીર્થ, અડાલજ વાવ વગેરે | તા. ૨૬-૦૬-૨૦૧૨ |
| મોરબી | શંખેશ્વર – નંદાસણ – મહેસાણા તથા શંકુઝ વૉટર પાર્ક | તા. ૦૭-૦૭-૨૦૧૨થી તા. ૦૮-૦૭-૨૦૧૨ |
| પોરબંદર | એકદિવસીય પિકનિક : દત્તાણી વાડી | તા. ૨૪-૦૬-૨૦૧૨ |
| સીમંધર (રાજકોટ) | પાવાપુરી (રાજસ્થાન) ભૈરુ તારક,<br>મહેસાણા વૉટર પાર્ક, મહુડી – શંખેશ્વર | તા. ૦૮-૦૮-૨૦૧૨થી તા.૧૧-૦૮-૨૦૧૨ |
| સૂર્યપુર (સુરત) | અલીપોર, સાપુતારા શ્રી ગજાભિષેક તીર્થ | તા. ૧૧-૦૮-૨૦૧૨થી તા. ૧૨-૦૮-૨૦૧૨ |
| શિવાજી પાર્ક | એકદિવસીય પિકનિક 'ગ્રેટ એસ્કેપ' | તા. ૦૫-૦૮-૨૦૧૨ |

# સેન્ટ્રલ બોર્ડના સમાચાર

## કાઉન્સિલ મિટિંગ

સેન્ટ્રલ બોર્ડના ગુજરાતના કાઉન્સિલ સભ્યોની મિટિંગ અમદાવાદ ખાતે આંબાવાડી વિસ્તારમાં આવેલ હોટેલ ઑર્ચિડમાં તા. ૧-૭-૨૦૧૨ના રવિવારના રોજ મળી. અત્યાર સુધીમાં સુરેન્દ્રનગર ખાતે ગુજરાત મિટના Event દરમિયાન બે વાર Incidental Council Meeting મળેલ, પણ પ્રાયોજિત કાઉન્સિલ મિટિંગ પ્રથમ વાર ગુજરાત ખાતે મળી તેથી સર્વે કાઉન્સિલ સભ્યો ઉત્સાહમય હતા. ચૅરમૅન શ્રી રમેશ મોરબિયાની અધ્યક્ષતામાં મળેલ આ મિટિંગનું સંચાલન સેક્રેટરી જનરલ શ્રી પ્રફુલ્લ કામદારે કર્યું. હોદ્દા અને ખાતાં પ્રમાણે સેન્ટ્રલ બોર્ડના દરેક પદાધિકારીઓએ સભાને સંબોધન કરી જરૂરી સૂચનો અને દોરવણી આપી અને પછી વિવિધ સેન્ટરોથી આવેલા કાઉન્સિલ સભ્યોને પણ સાંભળવામાં આવ્યા. માનનીય સભ્યોએ એવી સૂચનાનો અમલ કર્યો કે વ્યક્તિગત કે ફક્ત પોતાના જ સેન્ટરને અનુલક્ષીને ઉદ્‌ભવતા પ્રશ્નો કે સૂચનો ન આપતાં સર્વગ્રાહી સૂચનો અને પ્રશ્નો રજૂ કરવાં. સેન્ટ્રલ બોર્ડે આ મિટિંગની ચર્ચાની નોંધ લઈ યોગ્ય પગલાં લેવાની ખાતરી આપી. સેન્ટ્રલ બોર્ડે એ પણ નોંધ લીધી કે કાઉન્સિલ સભ્યો તરફથી બધાં જ હકારાત્મક સૂચનો જેજેસીની પ્રગતિ માટે અન્વેશણરૂપ મળેલાં તેથી ખૂબ જ સરસ ઓરા સર્જાયેલ.

સેન્ટ્રલ બોર્ડમાંથી સર્વશ્રી રમેશ મોરબિયા, સંજય શાહ, દિનેશ નાણાવટી, પ્રફુલ્લ કામદાર, કિશોર શેઠ, જયંતી છાડવા, દ્વિજેષ શાહ, અનિલ દોશી, રાજેશ ગાંધી, રાજેશ ભણશાળી ઉપરાંત ટ્રસ્ટના શ્રી કિરણ શાહે ઉપસ્થિત રહી સર્વેને Energise કર્યા. ગુજરાતના કુલ ૧૨૬ કાઉન્સિલ સભ્યોએ આ મિટિંગમાં હાજરી આપી સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓના ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરી. આના ફળસ્વરૂપે એવાં સૂચનો આવ્યાં કે વર્ષની ચાર Statutary Council Meetingમાંથી કમ કે કમ એક મિટિંગ ગુજરાતમાં કોઈ પણ સગવડભર્યા સ્થળે બોલાવવી જોઈએ જેથી ગુજરાતના સભ્યો પણ એવું અનુભવે કે તેઓ પણ જેજેસીના નીતિવિષયક નિર્ણયોનો એક ભાગ છે. ફરી ક્યારે મળીશું તેવા પ્રશ્નાર્થ સાથે ખૂબ જ આનંદ સાથે મિટિંગ સમાપ્ત થઈ.

## CO-ORDINATION OF COORDINATORS - A MEETING

સર્વવિદિત છે કે સેન્ટ્રલ બોર્ડ, જૈન જાગૃતિ સેન્ટરનાં સર્વે સેન્ટરો સાથે જીવંત (Live) સંપર્ક રહે તે માટે સેતુ સમાન ૧૬ કૉ-ઑર્ડિનેટરની નિમણૂક સેન્ટ્રલ બોર્ડ દ્વારા કરવામાં આવી. આ બધા કૉ-ઑર્ડિનેટર્સનો પણ અરસપરસ પરિચય થાય અને કૉ-ઑર્ડિનેશન્સમાં કાર્ય થાય તે માટે વિચારવિમર્શ કરવાના સહેતુક અમદાવાદ મુકામે સેન્ટ્રલ બોર્ડ સાથે એક મિટિંગ બોલાવવામાં આવી, જેમાં ગુજરાતના કુલ ૧૬ કૉ-ઑડિનેટર્સમાંથી ૧૫ હાજર રહી તેમના ઉત્સાહની ઝાંખી આપી.

શ્રી રમેશ મોરબિયાની અધ્યક્ષતામાં તા. ૩૦-૬-૨૦૧૨ ને શનિવારે મળેલી આ મિટિંગનું સંચાલન શ્રી પ્રફુલ્લ કામદારે કરેલ. મિટિંગમાં મૈત્રીપૂર્ણ વાતાવરણમાં મુક્તપણે નિખાલસ ચર્ચા થઈ. બધાએ પોતપોતાનાં મંતવ્યો, તેમની સંભવતઃ તકલીફો-સૂચનો વગેરે જણાવ્યાં, જે સેન્ટ્રલ બોર્ડે શાંતિથી સાંભળી તેનું ત્યાં જ નિરાકરણ કર્યું. સર્વેને સંતોષ થયો અને કાંઈક હકારાત્મક પરિણામલક્ષી કરવાના દૃઢ મનસૂબા સાથે સૌ છૂટા પડ્યા. આ મિટિંગ ગોળમેજી પરિષદના સ્વરૂપની મિટિંગ તરીકે અંકિત થઈ અને અમુક સમયાંતરે આવી મિટિંગ યોજવાની હાકલ થઈ.

સેન્ટ્રલ બોર્ડના સર્વશ્રી સંજય શાહ, દિનેશ નાણાવટી, કિશોર શેઠ, જયંતી છાડવા, દ્વિજેષ શાહ, અનિલ દોશી, રાજેષ ભણશાળી, રાજેષ ગાંધી તથા રમેશ સંઘવીએ પોતપોતાની ખાતાને અનુલક્ષીને ઉદ્‌બોધન કર્યું.

# આગામી પ્રવાસ-પિકનિક-ધાર્મિકયાત્રા

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | દિનાંક | ચાર્જિસ |
|---|---|---|---|
| ★ જુહુ | બેંગલોર-મૈસૂર-ચિકમંગલૂર | તા. ૨૬-૦૯-૨૦૧૨થી તા. ૦૨-૧૦-૨૦૧૨ | રૂા. ૨૫,૨૦૦ |
| ★ મુંબઈ | સ્વિટ્ઝરલૅન્ડ<br>પૅરિસ (ફ્રાંસ) | તા. ૦૫-૧૦-૨૦૧૨થી ૭ નાઈટ ૮ દિવસ<br>+ ૩ નાઈટ | રૂા. ૯૪,૦૦૦<br>+ રૂા. ૩૦,૦૦૦ |
| ★ શિવાજી પાર્ક | હૈદરાબાદ કુલપાકજી | તા. ૨૬-૧૨-૨૦૧૨થી તા. ૩૦-૧૨-૨૦૧૨ | રૂા. ૧૨,૦૦૦ + રેલવે ભાડું |

# જેજેસીની આજકાલ

## જેજેસી - ઉપલેટા

ચાર્ટર પામ્યા પછીનાં સાત વર્ષ દરમિયાન સતત કાર્યરત રહેતા આ સેંટરે આ વર્ષે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મદદરૂપ થવા જેજેસી-અંકલેશ્વરના મેગા નોટબુક પ્રોજેક્ટના અંતર્ગત ૧૦,૦૦૦ નોટબુક પ્રાપ્ત કરી સસ્તા દરે **(Subsidised Rate)** વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવી શુભેચ્છા પ્રાપ્ત કરી. ધન્યવાદ...

## જેજેસી - વઢવાણ

તા. ૨૭-૦૫-૨૦૧૨ના રોજ સેન્ટરના કલગી સમાન ફૂલસ્કેપ નોટબુક વિમોચન સેન્ટ્રલ બોર્ડના શ્રી રમેશ મોરબિયા, શ્રી સંજય શાહ, શ્રી દ્વિજેષ શાહ તથા મહેસાણાનાં શ્રીમતી કાશ્મીરા હરડે અને પૂર્વ વાઇસ ચૅરમૅન શ્રી પ્રફુલ્લ શાહની ઉપસ્થિતિમાં સેન્ટરના પ્રમુખ શ્રી પરેશ શાહના નિવાસસ્થાને અન્ય કારોબારી સભ્યોની હાજરીમાં કરવામાં આવ્યું. સર્વે જૈન વિદ્યાર્થીઓના લાભાર્થે આ પ્રોજેક્ટ કરવામાં આવતા સાધર્મિકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ.

## જેજેસી - સીમંધર-રાજકોટ

સોમવાર, તા. ૩૧ જુલાઈના રોજ પ્રથમ વાર્ષિક દિન નિમિત્તે તેની ઉજવણી સેવાકીય પ્રવૃત્તિથી કરી. તે અન્વયે નિઃશુલ્ક મેડિકલ નિદાન કૅમ્પ તથા બ્લડ ડોનેશન કૅમ્પનું આયોજન કર્યું. તે સાથે મ્યુનિસિપલ સ્કૂલ (મજીઠિયા પ્રાયમરી સ્કૂલ)માં ભણતા સાધારણ કુટુંબના ૯૦૦ જેટલા વિદ્યાર્થીઓને ફૂડ પૅકેટ આપવામાં આવ્યાં.

નિદાન કૅમ્પમાં – જનરલ ફિઝિશિયન, ચામડીના રોગ, સ્ત્રી રોગ, બાળકોના રોગ, નાક-કાન-ગળાના રોગ વગેરેનું નિઃશુલ્ક નિદાન કરવામાં આવ્યું. ઉપરાંત જરૂરતમંદોને ફ્રી દવા પણ આપવામાં આવી.

## જેજેસી - કલાનગરી (વડોદરા)

બુધવાર, તા. ૧૮-૭-૨૦૧૨ એટલે સેન્ટરનો ૧૮મો જન્મદિન, જેની ખૂબ જ રંગેચંગે ઉજવણી કરી. વિવિધલક્ષી કાર્યક્રમો કર્યા. આપણા મહામંત્ર 'નવકાર'ની પ્રેરણા અને અનુમોદનાથી 'નવ કાર્ય'ની ઉજવણી કરી :

(૧) મેડિકલ ચેકઅપ (૨) નવકારશી (૩) સ્નાત્રપૂજા (૪) બાળકો માટે ચિત્ર હરીફાઈ (૫) બપોરનું જમણ (૬) નામાંકિત કલાકારો અને જેજેસીનાં બાળકો દ્વારા રંગારંગ કાર્યક્રમ (૭) દરેક વર્ષની જેમ સેન્ટરના જન્મદિને વિકલાંગ જરૂરતમંદોને ટ્રાઈસિકલની ભેટ (૮) ધોરણ ૧૦ અને ૧૨ના પાસ વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન (૯) વિશિષ્ટ મહેમાનોનું બહુમાન.

પૂરા દિવસનો આ કાર્યક્રમ સુમન વિદ્યાપીઠ ખાતે તેના સ્થાપક શ્રી ડૉ. મનસુખભાઈ શાહના સૌજન્યથી કરવામાં આવ્યો. આ ઉપરાંત શ્રી અશ્વિનભાઈ દોશી તથા શ્રી પ્રવીણભાઈ શેઠનું પણ બહુમાન કરવામાં આવ્યું. સેન્ટ્રલ બોર્ડથી આવેલા શ્રી રમેશ મોરબિયા તથા શ્રી પ્રફુલ્લ કામદારનું અભિવાદન કરવામાં આવ્યું.

## જેજેસી - થરા

સેંટર દ્વારા એક સાર્વજનિક મેડિકલ કૅમ્પ અન્વયે આંખનું નિદાન અને જરૂરતમંદોને નિઃશુલ્ક ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું, જેનો લાભ ૨૬૨ વ્યક્તિઓએ લીધેલ. આ નિદાન દરમિયાન ૫૫ જેટલી વ્યક્તિઓને મોતિયાનાં ઑપરેશન કરાવવાની જરૂર લાગી. તેઓ માટે નિઃશુલ્ક ઑપરેશન, લઈ આવવા-જવાની જવાબદારી તથા રહેવાની સગવડતા કરી આપવાનું નક્કી કરી એક ઉમદા કાર્ય શનિવાર, તા. ૨૪-૬-૨૦૧૨ના રોજ જે. વી. શાહ ચૅરિટેબલ ટ્રસ્ટના સૌજન્યથી કરવામાં આવ્યું. સહસૌજન્ય દાતા તરીકે સેન્ટરના પ્રમુખ શ્રી વિનોદ એલ. શાહ અને સંપૂર્ણ કારોબારી કમિટીના સભ્યોએ સાથ પૂર્યો. ધન્યવાદ...

દર રવિવારે ખીચડીઘરની પ્રવૃત્તિ ચાલુ છે અને તેને કાયમ ખીચડીઘરમાં ફેરવી નાખવાનું વિચારણા હેઠળ છે. **Go ahead!**

## 'જૈન જાગૃતિ સેન્ટર' પરિવારમાં આયોજિત આગામી સામાજિક પ્રોજેક્ટ

- તા. ૧૪-૧૦-૨૦૧૨ અંકલેશ્વર સેન્ટર, યુવામેળો
- તા. ૨૮-૧૦-૨૦૧૨ જુહુ બીચ સેન્ટર, યુવામેળો
- તા. ૨૫-૧૧-૨૦૧૨ સયાજી નગરી સેન્ટર, સમૂહલગ્ન
- તા. ૦૯-૧૨-૨૦૧૨ સુરેન્દ્રનગર સેન્ટર, સમૂહલગ્ન
- તા. ૧૬-૧૨-૨૦૧૨ સેન્ટ્રલ બોર્ડ, મુંબઈ સમૂહલગ્ન
- તા. ૩૦-૧૨-૨૦૧૨ ગોલ્ડન ગારોડિયા સેન્ટર, યુવામેળો
- તા. ૦૬-૦૧-૨૦૧૩ કલાનગરી સેન્ટર, યુવામેળો
- તા. ૧૩ થી ૧૫-૦૧-૨૦૧૩, ક્રિકેટ ટુર્નામેન્ટ, મુંબઈ
- તા. ૨૦-૦૧-૨૦૧૩ જુહુ સેન્ટર, યુવામેળો
- તા. ૨૭-૦૧-૨૦૧૩ કાંદિવલી સેન્ટર, યુવામેળો
- તા. ૧૦-૦૨-૨૦૧૩ મેગા બ્લડ ડોનેશન કૅમ્પ

*ગતાંકના અનુસંધાનમાં...*

# કચ્છ મિટ

કચ્છમાં જેજેસીનાં કુલ ૧૦ સેન્ટર કાર્યરત છે જે વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમે છે. તા. ૧૦-૬-૨૦૧૨ના રોજ કચ્છના ગાંધીધામ મુકામે હોલી-ડે રિસોર્ટ ખાતે જેજેસી-ગાંધીધામ અને જેજેસી-અંજાર દ્વારા સૌજન્યીત 'કચ્છ મિટ-૨૦૧૨'માં કચ્છના કુલ ૧૩૪૦ સભ્યોમાંથી ૯૫૦ સભ્યોની હાજરી નોંધાઈ જે એક રેકર્ડ છે. આ મિટમાં કચ્છનાં બધાં જ સેન્ટરના બહુધા કારોબારી સભ્યો ઉપરાંત સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટના પદાધિકારીઓ સર્વશ્રી રમેશ મોરબિયા, કિશોર શાહ, કિરણ શાહ, સંજય શાહ, દિનેશ નાણાવટી, કિશોર શેઠ, જયંતી છાડવા, દ્વિજેષ શાહ, રાજેશ ગાંધી, રાજેશ ભણશાળી તથા રમેશ સંઘવી ઉપરાંત સ્થાનિક આગેવાનોમાં ભરત શાહ, શ્રીમતી કલ્પના શાહ, સુરેશ શાહ, ભરત મહેતા, જગદીશ સંઘવી તથા બાબુભાઈ મેઘજી ઉત્સાહ વધારવા હાજર રહ્યાં.

શ્રી રમેશ મોરબિયા તથા શ્રી સંજય શાહે સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટની પ્રવૃત્તિ વિશે વિસ્તૃતમાં માહિતી આપી તેનાથી પ્રેરિત થઈ આવેલા મહાનુભાવો તથા સેન્ટરોએ તાત્કાલિક પોતાના ફાળા નોંધાવી બીજો રેકર્ડ સ્થાપી દીધો.

પ્રમુખ Organiser શ્રી મહેશ પુંજ તથા શ્રી ડેની શાહે ઉચિત શબ્દો દ્વારા આવેલા મહેમાનોનું મોમેન્ટો તથા શાલ વડે સ્વાગત કર્યું. સંચાલન ડૉ. ચેતન વોરાએ કર્યું. આવા મોટા ઈવેન્ટની સુંદર-સુરેખ વ્યવસ્થાના આયોજનનું શ્રેય શ્રી મહેશ પુંજે જેજેસી-ગાંધીધામ તથા જેજેસી-અંજારની કમિટીને તથા સુંદર સાથ-સહકાર માટે અન્ય ૮ સેન્ટરની કમિટીને આપ્યું.

બધા જ મહાનુભાવોનો સમાવેશ કરતા વિશાળ મંચ પરથી મેદની પર નજર કરતા લાગે કે રૂપ નિખાર, તરવરાટ અને શક્તિગ્રસ્ત યુવાધન છલકાય છે. યુવાધન જેજસીની મહામૂલી મૂડી છે. જેજેસીનું પરિવારસંગઠન જોઈ થયું કે જેજેસીએ આદરેલ કોઈ પણ કાર્ય મુશ્કેલ નથી.

શ્રી સંજય શાહે તેમના વક્તવ્યમાં હાયર એજ્યુકેશન અભિયાનનું મહત્ત્વ સમજાવ્યું અને Donationનો પ્રવાહ ચાલુ થઈ ગયો.

શ્રી રમેશ મોરબિયાએ તેમના વતનને સલામ કરતાં જણાવ્યું કે કચ્છની સંસ્કૃતિમાં ખમીરનો પ્રભાવ જગજાહેર છે. જેજેસી પરિવારમાં કચ્છનો ફાળો અનન્ય છે. મીઠીમધુરી ઉત્સાહપ્રેરક યાદો લઈને જ્યારે સેન્ટ્રલ બોર્ડ રવાના થયું ત્યારે મીઠાંમધુરાં ગીતોની ઑર્કેસ્ટ્રાની ધૂન ચાલુ હતી. અસ્તુ.

સંસ્મરણીય તસવીરો માટે જુઓ પાના નં. ૨૦/૨૧.

# અભિનંદન

## જેજેસી - ભુજ

કચ્છી નવા વર્ષને અનુલક્ષીને 'ચિત્રલેખા' સાપ્તાહિકના સહયોગથી 'કચ્છ મિટ' મુંબઈના ઉપક્રમે 'માતૃ-પિતૃવંદના' વિષય પર અખિલ ભારતીય ધોરણે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ, જેમાં કુલ ૨૩૮ સ્પર્ધકોએ ભાગ લીધેલ, જેમાંથી જેજેસી-ભુજના સેક્રેટરી શ્રી આશિષ શાહનાં ધર્મપત્ની શ્રીમતી અશ્વિના શાહને પ્રથમ નંબર પ્રાપ્ત થયેલ. તેમને પ્રતીકરૂપે રૂા. ૨૧,૦૦૦ તથા સર્ટિફિકેટથી નવાજવામાં આવેલ. શ્રીમતી અશ્વિનાબહેનને જેજેસીનાં અભિનંદન...

## જેજેસી - કાંદિવલી

કુમારી જીનાલી અનિલ શાહે માર્ચ, ૨૦૧૨માં S.S.C. Board, Maharashtra દ્વારા લેવાયેલ પરીક્ષામાં ૯૯.૬૪% માર્કર્સ મેળવી ચમત્કાર સર્જી દીધો છે. આ બદલ જીનાલીને સેન્ટ્રલ બોર્ડનાં અભિનંદન...

# મુખપૃષ્ઠ

**વિશ્વ વિજયી ત્રિરંગા પ્યારા, ઝંડા ઊંચા રહે હમારા સ્વપ્ન સિદ્ધ થાય!**

**ઑગસ્ટ મહિનો - શ્રાવણ માસ :** વર્ષનો સૌથી વધુ પવિત્ર મહિનો. ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારની મોસમ. આ વર્ષે તો બબ્બે શ્રાવણ માસ! આપણે અધિકમાસ જાહેર કરીએ એટલે જાણે કે મેઘરાજા પણ મૂંઝાઈ જાય. ક્યારથી વરસવું - કેટલું વરસવું અને ક્યારે અટકવું એ કાંઈ સમજણ ન પડે એટલે બિનજરૂરી વિવાદમાં કોણ પડે એમ સમાધાન કરી ભારત છોડી અડોશ-પડોશમાં જઈને અતિમાત્રામાં વરસે. (ચાયના, મલયેશિયા, ઈન્ડોનેશિયા, ફિલિપિન્સમાં અતિવૃષ્ટિથી પૂર! સમાચાર) જૈન સમાજની ઐતિહાસિક ઘટના એટલે બે મોટી સંસ્થાઃ જૈન જાગૃતિ સેન્ટર અને જૈન સોશિયલ ગ્રુપનું શુભગ મિલન! સંયુક્ત મિટિંગના સ્થળે Back Dropમાં બન્ને સંસ્થા હસ્ત મિલાવતા દર્શાવ્યા છે અને સૂરો વહે છે - યે દોસ્તી હમ નહિ તોડેંગે.....

**જેજેસીની નવી ફેકલ્ટી :** રમતગમતમાં યુવાનોને પ્રોત્સાહન જેનું પરિણામ છે સ્નૂકર ક્ષેત્રે જેજેસીના ઍમ્બેસેડરરૂપ મનીષની આગેકૂચ અને બિલિયાર્ડ અને સ્નૂકર ટુર્નામેન્ટમાં સર્જાયેલો અપસેટ! ભારતના સૌથી ઉચ્ચ પદે - બંધારણીય વડા પદે - રાષ્ટ્રપતિપદે બિરાજેલા માનનીય શ્રી પ્રણવ મુખરજી તથા ત્યાર પછીના પદે બિરાજેલા માનનીય શ્રી હમીદ અન્સારીનું જૈન જાગૃતિ સેન્ટર અભિવાદન કરે છે.

# જૈન સમાજની બે મોટી સંસ્થાઓનું શુભગ મિલન

જૈન સમાજમાં ઉત્કર્ષ માટે સમાજના બધા જ ફિરકાઓ/વાડાઓને એકછત્ર નીચે લાવી એક નવા સમાજનું નિર્માણ કરવાની નેમ સાથે છેલ્લાં ૩૭ વર્ષથી કાર્ય કરતા જૈન જાગૃતિ સેન્ટર અને ૪૭ વર્ષથી કાર્યરત જૈન સોશિયલ ગ્રુપના વડેરાઓનું શુભ મિલન તા. ૩-૮-૨૦૧૨ના રોજ મુંબઈના વિલે પાર્લેમાં આવેલ સહારા સ્ટાર ખાતે થયું.

સમાન લક્ષ્ય ઉદ્દેશ્ય અને મનોરથ સેવતી બન્ને સંસ્થા Socio Religious કલેવર ધરાવે છે. બન્ને સંસ્થાઓ મુંબઈના સીમાડા ઓળંગી દેશભરમાં ફેલાયેલી છે અને એથી આગળ ઇન્ટરનેશનલ સંસ્થા તરીકે માન્યતા ધરાવે છે. બન્નેની કુલ સભ્યસંખ્યા લગભગ ૧,૩૦,૦૦૦ જેટલી થાય છે અને આ જ તેમનું ચાલક બળ છે.

મિટિંગ સુંદર, મૈત્રીપૂર્ણ વાતાવરણમાં થઈ. નિખાલસપણે વિચાર-વિમર્શ થયા.

બન્ને સંસ્થાઓનું લક્ષ્ય જૈન સમાજના અસંખ્ય વાડા/ફિરકાઓથી પર રહી એક મજબૂત સમાજ નિર્માણ કરવાનું છે, જેથી જૈનોનો અવાજ બુલંદ બને અને ફરી વાર સિધરાજ કે કુમારપાળના સમયની જૈનોની પ્રતિભા સ્થપાય, કે રાજા ભોજના સમયની મહત્તા મળે. જો જૈનો એકત્વ પ્રાપ્ત કરે તો જ આ શક્ય બને તેથી બન્ને સંસ્થા આ માટે કાર્યરત છે.

મિટિંગની શરૂઆત જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅન શ્રી રમેશ મોરબિયા તથા જૈન સોશિયલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશનના પ્રમુખ શ્રી દિલીપ શાહના આવકાર પ્રવચનથી થઈ. ત્યાર બાદ જેજેસીના પદાધિકારીઓનો પરિચય જેજેસીના સેક્રેટરી શ્રી કિશોર શેઠે આપ્યો અને જેએસજીના પદાધિકારીઓનો પરિચય જેએસજીના સેક્રટરી જનરલ શ્રી રોહિત મહેતાએ આપ્યો.

જેજેસીના સેક્રેટરી જનરલ શ્રી પ્રફુલ્લ કામદારે જેજેસીનો સંપૂર્ણ ઇતિહાસ અને સમાજઉપયોગી કાર્યસૂચિની વિસ્તૃત માહિતી આપી અને જેએસજીના વાઈસ પ્રેસિડન્ટ શ્રી પંકજ સંઘવીએ જેએસજીનો ઇતિહાસ અને પ્રોજેક્ટ 'જલધારા' વિશે વિસ્તૃતમાં માહિતી આપી. ત્યાર બાદ જેજેસીના વડીલ અને ચૅરિટેબલ સંસ્થાના ચૅરમૅન શ્રી કિશોર એન. શાહ અને જેજેસી-ચૅરિટેબલ ટ્રસ્ટના પૂર્વ ચૅરમૅન શ્રી કિરણ શાહે તેઓનાં પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે બન્ને મોટી સંસ્થા આ રીતે સાથે મળીને જૈન સમાજના ઉત્કર્ષ માટે ખૂબ જ સુંદર કાર્ય કરી શકે છે. તેઓએ આવી સંયુક્ત મિટિંગને અનુમોદના આપી ખુશી વ્યક્ત કરી.

જેએસજી તરફથી પ્રાસંગિક પ્રવચન કરતાં જેએસજીના શ્રી સુરેન્દ્ર સવાઈએ આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું કે આ રીતે આપણે મળતા રહેવું જોઈએ અને અરસપરસ વિચારોનો વિનિમય કરતાં રહેવું જોઈએ. તેમણે ખૂબ જ હર્ષથી આવા પ્રયત્નોને અનુમોદના આપી. ત્યાર બાદ જેજેસીના I. P. Chairman શ્રી જિતેન્દ્ર કોઠારીએ જેજેસીના થીમ પ્રોજેક્ટ હાયર એજ્યુકેશન પ્રોજેક્ટ વિશે તેની પૂર્વભૂમિકા, હાલના સમયમાં તેની અગત્યતા વિશે વિસ્તૃતમાં માહિતી આપી.

જેજેસીના વાઈસ ચૅરમૅન શ્રી સંજય શાહે જેજેસી-ચૅરિટેબલ ટ્રસ્ટનાં વિવિધ કાર્યો વિશે માહિતી પૂરી પાડી.

જેએસજીના ટ્રેઝરર શ્રી ચંદ્રકાંત શાહ (પેરેડાઈઝ)એ બન્ને સંસ્થા એકબીજાની પૂરક બની બહુ જ સુંદર કાર્ય કરી શકે છે. એ માટે આટલેથી નહીં અટકતા, સમયાંતરે મળતા રહીને વિચારવિમર્શ કરતા રહેવું જોઈએ.

છેલ્લે જેજેસી તરફથી સેક્રેટરી શ્રી જયંતી છાડવાએ અને જેએસજી તરફથી ટ્રેઝરર શ્રી ચંદ્રકાંત શાહે બન્ને સંસ્થાના પદાધિકારીઓનો આભાર માન્યો અને મિટિંગ સંપન્ન થઈ.


## આભાર

સેન્ટ્રલ બોર્ડ એજ્યુકેશન ફંડ રેઈઝિંગની ઝુંબેશને પ્રતિસાદ આપનાર જેજેસી-વાશીના સર્વે દાનવીરોનો ખૂબ ખૂબ આભાર.

કમિટી નીચેના સભ્યમિત્રોનો વિશેષ આભાર માને છે...

- શ્રી મહેન્દ્રભાઈ દોશી, ટિટબિટ મસાલા
- માતુશ્રી સાકરબહેન દામજીભાઈ ગાલા હ. શ્રી નિલેશભાઈ ગાલા
- શાંતિભાઈ ભીમશી સતરા – પ્રિયદર્શિની
- મૂલચંદભાઈ ગાલા – વન્ડરવૂડ્સ
- કેકીન હીરાલાલ ભેદા – Financial Adviser

**જૈન જાગૃતિ સેન્ટર-વાશી**

ADVT

# પર્યુષણ પર્વનો પાવન સંદેશ

■ પૂ. શ્રી ધીરજમુનિ મ.સા.

## બોલવામાં મુશ્કેલી પડે એવા ત્રણ શબ્દ: મારી... ભૂલ... થઈ...!

'શત્રુના ઘરે ન જવું' એમ નીતિ કહે છે અને 'શત્રુને મિત્ર બનાવીને જીવવું' એમ પ્રીતિ કહે છે. સંસારી નીતિને અનુસરે છે, જ્યારે સંત પ્રીતિને અનુસરે છે.

પર્વાધિરાજ પર્યુષણા પર્વના પુનિત દિવસોની પધરામણી એટલે આત્માની ઓળખના દિન! પરમાત્માની સમીપે જવાનું પર્વ! મનના પ્રદૂષણને દૂર કરવાનો અવસર!

પર્યુષણ પર્વ એ આઠ અંકી નાટક નથી, મોટાઈ બતાવવાનું, કીર્તિ રળવાનું કે મિથ્યાભિમાન કરવાનું ટાણું નથી. આત્માના શુદ્ધ ભાવો તરફ પ્રયાણ કરવાના અને અશુભ ભાવો દૂર કરવા માટે પર્વના પાવન દિવસો છે.

પર્વમાં તપ ન થાય તો ચાલશે, પણ મગજનો તાપ તો નહિ જ ચાલે!

જે વિદ્યાર્થીએ વર્ષભર મહેનત કરી હોય, વાંચી લીધું હોય તેને પરીક્ષા નજીક આવે તેમ આનંદ વધતો જાય. સાધકને પણ સંવત્સરી મહાપર્વ નજીક આવે તેમ મૈત્રી ભાવ ઉભરાવા લાગે, જો સાત દિવસમાં પૂરેપૂરી તૈયારી કરી હોય તો! નહિતર પછી...

નિશાળના શિક્ષકે પોતાના ઘરે ટ્યુશન માટે આવતા વિદ્યાર્થીઓને પરીક્ષામાં મહત્ત્વના આઈ.એમ.પી. પૉઈન્ટ લખાવીને પછી પ્રશ્ન કર્યો! હવે કોઈને કાંઈ પૂછવું છે?

ચબરાક સ્વીટુએ ઊભા થઈને કહ્યું :

'સર! મારા એક જ પ્રશ્નનો જવાબ આપી દો, તો કામ થઈ જાય!'

કયો પ્રશ્ન?

એ જ કે આ પરીક્ષાના પ્રશ્નપત્રો કયા પ્રેસમાં છપાવાના છે? એનો ઉત્તર આપી દો, તો બેડો પાર થઈ જાય. સ્વીટુ બોલ્યો.

માનવીનું મન જ ચંચલ છે. મહેનત વિના જ મોક્ષમાં પહોંચી જવું છે. જીવનની શુદ્ધિ અને આરાધના વિના વેર-ઝેરના ભાવોનો સંગ્રહ શાંતિ અપાવનાર નથી.

જીવનમાં નમ્ર બનનાર વ્યક્તિને કદાચ લોકો કહેવા લાગે કે નમાલા થઈને ઝૂકી જવાની જરૂર નથી! આપણે ખમાવવાની શું જરૂર છે! આવા શબ્દોની માયાજાળમાં આવ્યા વિના એક જ લક્ષ્ય કરવાનું છે કે મારે કોઈની સાથે વેર રાખવું નથી. સામેવાળા ખમાવે કે ન ખમાવે, જે ભૂલનો સ્વીકાર કરે છે તે જ મહાન બને છે. 'જો ઉવસમઈ અત્થિ તસ્સ આરાહણા.' જે ઉપશમભાવને ધારણ કરે છે, તે આરાધક બને છે.

જીવન જીવતાં સંભવ છે કે – સારા ભાવ હોવા છતાં ભૂલ થઈ જાય. આમેય બોલાવમાં મુશ્કેલી પડે એવા ત્રણ શબ્દ છે : 'મારી ભૂલ થઈ!'

માણસ અહંને છોડીને 'મારી ભૂલ થઈ!' એટલું સ્વીકારવા લાગે તો ઘરઘરમાં આનંદ છવાઈ જાય. જીભનો વેપાર ઘણો કર્યો હવે જિગરનો વેપાર કરો. જીવનમાં જિગરનો વેપાર ચાલુ થાય ત્યારે જ જગદીશ ખુશ થાય છે!

માત્ર ફરિયાદમય જીવન જીવ્યા જવાથી કોઈ ફાયદો થવાનો નથી. વાતવાતમાં ગુસ્સો કરનાર પરમાત્માની સમીપે જઈ શકતા નથી.

ભગવાન મહાવીરની ક્ષમા અલૌકિક છે. સ્વયં સહન કરો અને બીજાની ભૂલને ક્ષમા કરો. માનવ પણ બાળસુલભ સ્વભાવનો બની જાય તો ભૂલમાંથી શૂળ ઊભા નહિ થાય અને મૈત્રીનાં ફૂલ મહેંકી ઊઠશે.

માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત ધરું...

આવી ઉદાત્ત ભાવનાઓ વૈમનસ્યતાને દૂર કરે છે. વેરનું વિસર્જન અને સ્નેહનું સર્જન એ જ પર્યુષણનો સંદેશ છે. 'સામો થાય આગ તો તમે થજો પાણી, એ છે પ્રભુ વીરની વાણી'. થોડી ક્ષણો માટે અહં અને મમનો વિચાર છોડીને અર્હં-નમની ભાવના ભાવવી. નમવું અને ખમવું એ આરાધનાનો અર્ક છે.

આજના અણધાર્યા અકસ્માતના યુગમાં વેરની પરંપરા ઊભી ન રહી જાય તેની તકેદારી રાખીને મૈત્રીની તસવીર બની રહે તેનું લક્ષ્ય સ્વપ્નમાંય ભૂલવું નહિ.

જીવનની પ્રત્યેક ક્ષણોમાં ગરમ થવાને બદલે નરમ બનવાનો અભિગમ અપનાવવો. દાન-શીલ-તપ અને ભાવધર્મની થાય તેટલી આરાધના કરી જીવનપોતને ઉજમાળ બનાવવું.

''દૂધ જલતા હૈ પાની જલને કે બાદ,
આદમી રોતા હૈ વક્ત નીકલને કે બાદ.''

# પર્વાધિરાજ પર્યુષણ પર્વ - ક્ષમાપના પર્વ

■ ડૉ. આરતી વોરા

પર્વાધિરાજ પર્યુષણ પર્વની સવારી આવી રહી છે. પર્યુષણ એ દરેક પર્વમાં શ્રેષ્ઠ હોવાથી તેને પર્વાધિરાજ કહેવાય છે. પર્યુષણ એ ભક્તિ-આરાધના-તપ-સંયમ-ધર્મશ્રવણ-ક્ષમાપનાનું પર્વ છે. પર્યુષણ શબ્દમાં બે શબ્દ સમાવિષ્ટ થયેલા છે. परि + उसण. परि उसण सर्यंतात इति पर्युषणम। આ પર્યુષણની વ્યાખ્યા છે, જેનો અર્થ થાય છે કે બધી તરફથી વિષય-કષાય કે પાપભાવોથી નિવૃત્ત થઈ જીવનને સંયમિત બનાવી ભાવોમાં ઉત્કૃષ્ટતા લાવી શુદ્ધિકરણ કરવું તે. પરિપૂર્ણ શુદ્ધિને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો તેનું નામ પર્યુષણ છે. પર્યુષણ એ આત્મોત્થાનનું પર્વ છે. પર્યુષણ પર્વ ક્ષમાપના પર્વના નામે પણ ઓળખાય છે. અર્થાત્ આપણા જીવનમાંથી વેર-ઝેર, રાગ-દ્વેષને વિદાય આપી બધા જીવો પ્રત્યે મૈત્રીભાવ પ્રગટ કરવાનું પર્વ છે. પર્યુષણ એટલે પ્રકાશમાં જવાનું અને પ્રકાશમાં જીવવાનું પુનિત પર્વ છે. પાપને જીવનમાંથી દૂર કરી પ્રભુપરાયણ બનવાનું પર્વ છે પર્યુષણ.

શ્રાવણ માસના અંતિમ ચાર દિવસ અને ભાદરવા માસના પ્રથમ ચાર દિવસ એમ આઠ દિવસનું આ પર્વ ઊજવાય છે. આ દિવસો દરમિયાન કલ્પસૂત્રનું વાંચન થાય છે. આ પર્વ દરમિયાન શ્રાવક-શ્રાવિકાઓ ધર્મ-ધ્યાન, પ્રતિક્રમણ, તપ-જપ-દાન-ધર્મ આદિ પ્રવૃત્તિઓમાં રમમાણ રહે છે. અંતિમ દિવસ 'સંવત્સરી દિન'ના નામે પ્રખ્યાત છે. તે દિવસે સંવત્સરી પ્રતિક્રમણ કરી આખા વર્ષ દરમિયાન કરેલાં પાપોનું પ્રાયશ્ચિત્ત 'મિચ્છા મિ દુક્કડમ' બોલીને કરવામાં આવે છે. બધા જીવો પાસે ક્ષમાયાચના કરે છે અને પોતે પણ આગળ-પાછળનાં વેર-ઝેર ભૂલી ક્ષમા આપે છે તેથી આ પર્વને ક્ષમાપના પર્વ પણ કહેવાય છે. જૈન ધર્મમાં આ પર્વ ખૂબ જ મહિમાવંત છે. તો ક્યારેક આપણે વિચારમાં પડી જઈએ કે આ પર્વનું આટલું મહત્ત્વ હોવાનું કારણ શું હશે? આપણે જાણીએ જ છીએ કે એક કાળચક્રમાં અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળ અને દરેકનાં છ-છ આરા હોય છે. ત્રણ આરા સુધી તો યુગલિયા કાળ જ હોય છે. અવસર્પિણી કાળમાં દિનપ્રતિદિન હાનિ થાય છે અને ઉત્સર્પિણી કાળમાં પ્રતિદિન વૃદ્ધિ થતી જાય છે. ઉત્સર્પિણી કાળનો બીજો આરો અષાડ વદ એકમથી શરૂ થાય છે ત્યારે ભરતક્ષેત્રમાં સર્વત્ર પાંચ પ્રકારની વૃષ્ટિ થાય છે. પ્રથમ 'પુષ્કર' નામનો વરસાદ સાત અહોરાત્રિ પર્યંત સતત વરસે છે, જેથી ધરતીની ઉષ્ણતા દૂર થાય છે. 'ક્ષીર' (દૂધ) નામનો વરસાદ સાત અહોરાત્રિ પર્યંત સતત વરસે છે, જેથી દુર્ગંધ દૂર થાય છે (વચ્ચે બે સપ્તાહ વૃષ્ટિ બંધ રહે તેમ ગ્રંથમાં ઉલ્લેખ છે). 'ધૃત' (ઘી) નામનો વરસાદ સાત દિવસ-રાત સુધી વરસે છે, જેથી પૃથ્વીમાં સ્નિગ્ધતા (ચીકાશ) આવે છે. પછી 'અમૃત' નામનો વરસાદ સાત અહોરાત્રિ વરસવાથી ૨૪ પ્રકારના ધાન્ય વગેરે સર્વ વનસ્પતિના અંકુરો જમીનમાંથી ઊગી નીકળે છે. પછી સાત દિવસ વરસાદ બંધ રહે છે. ત્યાર બાદ 'રસ' નામનો શેરડીના રસ જેવો વરસાદ સાત અહોરાત્રિ વરસે છે જેથી ઊગેલી વનસ્પતિમાં પાંચે રસની ઉત્પત્તિ થાય છે. ત્યારે બિલવાસી મનુષ્યો બહાર આવે છે અને ફળાદિનો સ્વાદિષ્ટ આહાર કરે છે. આમ કુલ પાંચ સપ્તાહ વર્ષાના અને બે સપ્તાહ વિરામના મળીને કુલ ૪૯ દિવસ અષાડ વદ ૧થી ભાદરવા સુદ ૪ કે ૫ના થાય છે. તે જ દિવસે સંવત્સરીની આરાધના કરવામાં આવે છે. આમ સંવત્સરી પર્વ અનાદિથી છે અને અનંતકાળ સુધી રહેશે. કેટલાક લોકો સંવત્સરી ભાદરવા સુદ ચોથને દિને અને કેટલાક ભાદરવા સુદ પાંચમને દિને મનાવે છે. આમ ચોથ અને પાંચમનો વિવાદ વર્ષોથી ચાલતો જ રહ્યો છે. કેટલાક લોકો સાતેસાત અઠવાડિયાંના જુદા જુદા પ્રકારની વર્ષાના પણ માને છે.

કજિયા-ક્લેશ-કંકાસ પાછળ માનવીની કટુવાણી જ જવાબદાર હોય છે. એક કવિએ કહ્યું છે કે, ''જીભે ચડે કે પડે માનવી'', અર્થાત્ માનવીની જીભને લીધે સારાં કે ખરાબ પરિણામ તેણે ભોગવવાં પડે છે. વાણી જો સારી હોય તો નંદનવન ઊભું કરી શકે છે અને એ જ વાણી જો અવળી બને તો કુરુક્ષેત્ર ઊભું થતાં વાર લાગતી નથી.

એકવાર એક શ્રાવકે પ્રભુ મહાવીરને પૂછ્યું કે ''પ્રભુ! માનવ કેવી રીતે બોલે તો પાપ ન બંધાય?'' ત્યારે પ્રભુએ ઉત્તર આપ્યો કે ''જે વ્યક્તિ સમજી-વિચારીને હિતકારી અને સુમધુર વાણી ઉચ્ચારે તેનાં પાપો મર્યાદિત થઈ જાય છે.'' આ પરથી સમજી શકાય છે કે દરેક વ્યક્તિએ હિતકારી અને મિતકારી વાણીનો ઉપયોગ કરવો જોઈએ.

કરવત-કુહાડાના ઘા શરીર પરના હોય છે તો થોડાઘણા સમયે રુઝાઈ જાય છે, પણ વાણીના કે કટુવચનના ઘા કદી પણ રુઝાતા નથી, માટે વાણીનો ઉપયોગ કરવામાં હંમેશાં સાવચેત રહેવું જોઈએ.

જૈન ધર્મ ત્યાગપ્રધાન ધર્મ છે. પર્વના દિવસે તપ અને ત્યાગનો મહિમા છે. તપ કરવાથી કષાયો પાતળા પડે છે અને કર્મની નિર્જરા થાય છે. જૈન ધર્મ માને છે કે દરેક જીવમાં પરમાત્મા બનવાની તાકાત છે. પ્રંચડ પુરુષાર્થ વડે કર્મની નિર્જરા કરી આત્મા વિશુદ્ધ બને છે અને પરિણામે સિદ્ધગતિ પામી શકે છે. એ સ્થિતિએ પહોંચવા માટે તપ કરી નિર્જરા કરવી, સંયમ રાખી સંવરને પ્રાપ્ત કરવો અને આત્માની ઉન્નતિ કરી પંચમગતિ (મોક્ષ) પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો. આત્મોત્થાન માટે ક્ષમાપના ખૂબ જરૂરી છે.

ક્ષમા માગવાથી કે ક્ષમા આપવાથી તે જીવનું મન પ્રફુલ્લિત થાય છે. આવો પ્રસન્ન ચિત્તવાળો જીવ બધા વિકલેન્દ્રિય, વનસ્પતિ, પંચેન્દ્રિય, પૃથ્વી-પાણી-અગ્નિ-વાયરો એટલે કે તમામ પ્રાણીઓ સાથે મૈત્રીભાવ પ્રાપ્ત કરે છે. આવો જીવ ભાવની વિશુદ્ધિ કરીને ભયરહિત બની શકે છે. જ્યાં વેરભાવ હોય ત્યાં જ ભય હોય છે. વેર મટે તો જ મૈત્રી થાય છે. મૈત્રી હોય ત્યાં ભયને સ્થાન રહેતું નથી.

ક્ષમા સુખોનું મૂળ છે. ધર્મનું મૂળ પણ ઉત્તમ એવી ક્ષમા જ છે. મહાવિદ્યાની પેઠે ક્ષમા સર્વ દુઃખોનું હરણ કરે છે, અર્થાત્ બધી વિદ્યાઓ સાધવા કરતાં એક ક્ષમાની સાધના જ વધારે હિતકારી છે. ક્ષમા આપવી કે માગવી એ બંને જ સરળ નથી. ક્ષમા માટે મનુષ્યએ મનની ભૂમિકા તૈયાર કરવી પડે છે. પોતાના અહંકારને બાજુએ રાખવો પડે છે જે માનવી માટે ખૂબ દુષ્કર છે. દરેક મનુષ્ય પોતાના અંતરને કે ભગવાન પાસે ગમે તે કહી શકે છે, પણ બીજા જીવ પાસે પોતે કરેલાં પાપની ક્ષમા માગવાનું ઘણું જ અઘરું છે. સાથોસાથ બીજો જીવ ક્ષમા-યાચના કરે ત્યારે પોતે મોટું મન રાખી માફ કરવું પણ એટલું જ અઘરું છે. તેથી જ કહ્યું છે ને કે क्षमा वीरस्य भूषणम्। ક્ષમાને વીરનું ભૂષણ કહ્યું છે. ક્ષમા માગવી કે આપવી એ વીરતાનું જ કાર્ય છે. નાના બાળકને પણ કોઈને Sorry કહેવાનું કહીએ તો કેટલી વારે તે તે માટે તૈયાર થાય છે. તેઓએ પણ મનને તૈયાર કરવું પડે છે, તો મોટાની તો શી વાત કરવી?

સ્નેહ, સદ્ભાવના, સમતા, સહાનુભૂતિ એ બધાં ક્ષમાપનાનાં સોપાનો છે. ક્ષમાની કેડીએ ચાલનારને પરમ સમીપની પ્રાપ્તિ થાય છે. આપણા અંતરમાંથી કડવાશ, કટુતા અને ક્રૂરતાને કાઢી નાખવાથી મન પરનો બોજો હળવો થાય છે, આથી જ સંવત્સરી પ્રતિક્રમણ મહત્ત્વનું છે. જે જીવ આખા વર્ષ દરમિયાન કદી પણ પ્રતિક્રમણ ન કરતા હોય તેને માટે આ એક પ્રતિક્રમણ કરવું જરૂરી બને છે. તે પ્રતિક્રમણમાં જગતના નાના-મોટા, સૂક્ષ્મ-ભાદર, એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના ચારે ગતિના જીવોની ક્ષમાપના માગવામાં આવે છે, જેનાથી આપણાં ઘણાં પાપકર્મો નિર્જરી જાય છે. વંદિતુ સૂત્રની પ્રખ્યાત ગાથા ક્ષમાપના માટેની છે.

खामेमि सव्व जीवा, सव्वे जीवा खमन्तु मे।
मित्ति मे सव्व भूणषु वेरं मज्ज न केणइ।।

અર્થાત્ હે સંસારના જીવો, મેં આવેગ, આવેશ કે આક્રોશના કારણે જો આપના અંતઃકરણને મન-વચન-કાયાથી ઠેસ પહોંચાડી હોય કે આપની લાગણી દુભવી હોય તો હું આપની ક્ષમા માગું છું. જગતના સર્વે જીવો મને પણ ક્ષમા આપો. જગતના સર્વ જીવો સાથે મારે મૈત્રીભાવ છે, કોઈ પણ જીવ સાથે મારે વેર કે દ્વેષ નથી. સર્વ જીવોને મિચ્છા મિ દુક્કડમ કહી ક્ષમાપના આપવી અને એ લેવી.

સાત દિવસની સાધના પછીનો દિવસ તે ક્ષમાપના દિન. સંવત્સરીના દિવસે આલોચના કરી ક્ષમા માગવી. સાત દિવસની સાધના પછી સિદ્ધિનો દિવસ તે સંવત્સરી છે. આરાધના પછી તૃપ્તિનો અહેસાસ થવો જોઈએ. અનુભૂતિ થવી જોઈએ. આંખ આખી સૃષ્ટિને જોઈ શકે છે, પણ જો એક નાનું એવું તણખલું પણ આંખમાં પડે તો કશું જ દેખી શકાતું નથી. તણખલા જેવું જ કામ રાગદ્વેષનું છે. જો સિદ્ધિને પામવી હોય તો રાગદ્વેષના તણખલાને દૂર કરવું પડે. ક્ષમામાં ખૂબ જ તાકાત છે. જે કામ આજ્ઞાથી ન થાય તે કામ સમજાવટથી, સરળતાથી થઈ શકે છે. ક્ષમાપના મલમનું કામ કરે છે. કોઈ મોટા વૈજ્ઞાનિક પણ ન બનાવી શકે તેવી જડીબુટ્ટી છે. ક્ષમા માટે ફક્ત મનને જ તૈયાર કરવાનું છે. જોકે તે પણ અઘરું છે, કારણકે ego દરેક વખતે આડો આવતો હોય છે. ક્ષમા એ પરમાત્માએ આપેલું વરદાન છે. જેના વડે ન કરી શકાય તેવા કામ સરળ બને છે. ક્ષમાપના આપવા અને લેવાથી મનનો બોજો હળવો બને છે, તેથી પળેપળે ક્ષમા માગતા રહેવું. ક્ષમા માગવાથી મનમાં રહેલા રાગ-દ્વેષનો નાશ થાય છે. આ પર્વ ક્ષમાપનાનું છે. આ પર્વમાં મનમાં રહેલી કટુતા-રાગ-દ્વેષ દૂર કરી નિર્મળતા પ્રાપ્ત કરવાની છે. ક્ષમાપના પર્વનો સંદેશ છે કે 'ખમો અને ખમાવો. ખેલદિલીથી હળવા બનો અને સૌને હળવાશ

આપો. કડવાશ અને ક્રૂરતા કાઢી નાખી ક્ષમા-મૈત્રી અને સદ્‌ભાવના ભાવો.'

સંવત્સરીના દિવસે 'મિચ્છા મિ દુક્કડમ' કહી સર્વ જીવોની માફી માગવી. મિચ્છા મિ દુક્કડમનો અર્થ થાય છે કે મારાં સર્વ દુષ્કૃત્યો મિથ્યા થાઓ. આમ દરેક જીવ પોતાનાથી મન-વચન-કાયા વડે થયેલાં સર્વ દુષ્કૃત્યોની માફી માગે છે.

'મિચ્છા મિ દુક્કડમ'માં 'મિ' એટલે મૃદુ કાયાથી નમ્ર અને ભાવથી લઘુતા કેળવ. 'च्छा' એટલે લાગેલા દોષોનું છાદન કરવા માટે અને ત્રીજો અક્ષર 'મિ' એટલે મર્યાદામાં (ચારિત્રાચારમાં) પુનઃ સ્થિર બનીને. 'दु' એટલે મારા (પાપ કરનાર પૂર્વ પર્યાયરૂપ) આત્માની નિંદા કરવાપૂર્વક. 'करु' એટલે મેં કરેલું પાપ તેને 'डम्' એટલે ઉપશમ દ્વારા. (હવે એવું પાપ નહિ કરવાનો નિશ્ચય કરીને) હું 'ડયન' ઉલ્લંઘન કરું છું-તે પાપથી દૂર થાઉં છું. નાનામાં નાની જીવવિરાધનાને પણ દુષ્કૃત સમજવું અને તે કરવા માટે દિલગીર થવું એ આ સૂત્રનો પ્રધાન સૂર છે. તેમાં વપરાયેલાં 'मिच्छा मि दुक्कडं' એ ત્રણ પદો પ્રતિક્રમણના બીજરૂપ હોઈ પુનઃ પુનઃ મનનીય છે. આપણે કોઈ જીવનો અપરાધ કર્યો હોય અને તેને ખમાવીએ તો તે મિચ્છા મિ દુક્કડમની ક્રિયા થઈ કહેવાય. આમ પર્યુષણ એ હૃદય ખોલવાનો અવસર છે.

આ જ ભાવ સાથે જો અમારાથી પણ મન-વચન-કાયાના યોગ વડે જો આપને અમારા થકી કોઈ પણ જાતનું દુઃખ પહોંચ્યું હોય તો અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ.

Let us 'forgive, forget and the friend for ever'.

---

## જૈન જાગૃતિ સેન્ટર-કાંદિવલી સંચાલિત
## શ્રી કિરીટભાઈ ભાઈલાલ શાહ સગપણ માહિતી સેન્ટર

જૈન જાગૃતિ સેન્ટર-કાંદિવલીની કમિટી દ્વારા તેના દ્વિદશાબ્દી વર્ષે સગપણ માહિતી સેન્ટર સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું. આ સગપણ માહિતી સેન્ટરનું ઉદ્‌ઘાટન તા. ૨૬-૧-૨૦૦૯ના દિવસે કરવામાં આવ્યું. દર વર્ષે જાન્યુઆરી મહિનામાં આ સેન્ટરમાં રજિસ્ટર થયેલાં યુવક-યુવતીનો યુવામેળો યોજવામાં આવે છે.

આ સેન્ટર દર ગુરુવારે સાંજે ૫થી ૭ અને દર રવિવારે બપોરે ૪થી ૭ સુધી કાર્યરત હોય છે. આ સેન્ટર દુકાન નં. ૯, સાઈરાજ ગાર્ડન, હેમુ કલાની રોડ નં. ૩, મોદી પાર્કની સામે, કાંદિવલી (વેસ્ટ), ફોન નં. ૨૮૬૬૦૧૬૯ મધ્યે કાર્યરત છે.

આ સેન્ટર દ્વારા ચતુર્થ યુવક-યુવતી સંમેલન રવિવાર, તા. ૨૭-૧-૨૦૧૩ના રોજ કાંદિવલીમાં યોજવાનું સેન્ટરે નક્કી કરેલ છે. અત્યારે આ સેન્ટરમાં ૬૯૦ યુવક અને ૩૭૯ યુવતીનાં નામો રજિસ્ટર થયેલાં છે. એક વખત સેન્ટરમાં નામ રજિસ્ટર કરીને એ યુવક-યુવતીનાં નામો સેન્ટરની અધિકૃત વેબસાઈટ પર મૂકવામાં આવે છે. યુવક-યુવતીના વડીલોને એક ચોક્કસ ''Password'' આપવામાં આવે છે જેના ઉપયોગથી વેબસાઈટ પર યુવક-યુવતીનો બાયોડેટા ઉપલબ્ધ હોય છે.

૨૭-૧-૨૦૧૩માં યોજવામાં આવનાર ચતુર્થ યુવક-યુવતીઓ પોતાના પાત્રને સહેલાઈથી પસંદગી કરી શકે તે માટે આ વર્ષે પણ અમુક નિયમો નક્કી કર્યા છે જે નીચે મુજબ છે:

(૧) યુવક યુવતીનું ભણતર minimum graduate હોવું જરૂરી છે.
(૨) યુવક-યુવતી અપરિણીત હોવાં જોઈએ.
(૩) યુવક-યુવતીની વયમર્યાદા ૨૧ વર્ષથી ૩૧ વર્ષ સુધી સીમિત રાખવામાં આવેલ છે.
(૪) વધુમાં વધુ ૩૦૦ યુવક-યુવતીનો જ સમાવેશ કરવામાં આવનાર છે.
(૫) યુવક-યુવતીની સ્ટેજ ઉપર હાજરી Compulsory રહેશે.
(૬) યુવક-યુવતી વગર તેમના વડીલને હૉલની અંદર પ્રવેશ આપવામાં આવશે નહીં.
(૭) ભાગ લેનાર યુવક-યુવતી સગપણ માહિતી સેન્ટરના સભ્ય હોવાં જરૂરી છે.
(૮) પ્રોગ્રામના દિવસે માહિતીસર ફોટા સાથે બુકલેટ પણ આપવામાં આવશે.
(૯) ફૉર્મ ઑનલાઈન પણ ભરી શકાશે, પરંતુ તેની સાથે સંપૂર્ણ ફૉર્મ, ફોટા તથા જે વિગતો જોઈશે એ પ્રમાણે હશે તો જ સ્વીકારવામાં આવશે.
(૧૦) ફૉર્મ accept કે Reject કરવાનો અબાધિત અધિકાર સગપણ માહિતી સેન્ટરના સંચાલકોનો રહેશે.

આ માટે વધુ વિગત જોઈતી હોય તો સગપણ માહિતી સેન્ટરના ઑફિસ ખાતે સ્વયં અથવા ૨૮૬૬૦૧૬૯ પર સંપર્ક કરવા વિનંતી.

# ભગવાન મહાવીરના સમ્યક્ દર્શનને સમજવા માટે સમ્યક્ આત્મસૂઝ જરૂરી છે

નાનુભાઈ સંઘવી

પાણી તરસને છીપાવે છે-બુઝાવે છે અને ઠંડાં પીણાં તરસને બહેકાવે છે. સોનાનો ગિલેટ સોનાના ભાવના ઘટાડી શકતો નથી, પણ તેનો વિકલ્પ જરૂર બને છે. એક સજ્જનને સજ્જન બનાવવામાં દુર્જનનો જેટલો ફાળો હોય છે તેટલો તો કદાચ એ સજ્જનનો પોતાનો પણ નથી હોતો! બધા જ સજ્જનો હોત તો કોઈ એકાદ - બેની સજ્જનતા માટે આપણને આટલો બધો આદરભાવ ન થાત!

માનવી અધ્યાત્મના સાત્ત્વિક આનંદથી જેટલો અલિપ્ત રહે છે, તેટલો તેના જીવનનો આનંદ પણ તકલાદી થતો જાય છે. ઘરમાં નવું ઍરકન્ડિશનર આવે છે ત્યારે સૌના ઉત્સાહમાં ગરમી આવી જાય છે, પરંતુ સમય વીતતો રહે છે તેમ એ ઉત્સાહ ઠંડો પડતો જાય છે. ભૌતિક પદાર્થોનો આનંદ ક્ષણિક હોય છે.

ગીતાના તમામ અધ્યાયો કંઠસ્થ કરનાર કરતાં, તેનો એકાદ અધ્યાય આચરણમાં ઉતારનાર મહાન છે. ટેપરેકર્ડર ગમે તેટલાં સુંદર ગીતો રજૂ કરે, તોય શ્રેષ્ઠ ગાયકનો એવૉર્ડ તેને મળી શકતો નથી, ધર્મ એ ગોખવાની ચીજ નથી, જીવવાની ચીજ છે. આ સત્ય આપણને સમજાઈ જાય તો અત્યાર સુધીમાં આપણે જે પુરુષાર્થ કરી ચૂક્યા છીએ તેનો માત્ર અફસોસ જ કરવાનો રહે!

ત્યાગ શબ્દ બહુ મોટો છે. કશુંક પણ ત્યાગવું હોય તો એ પહેલાં મેળવવું જરૂરી બને છે. મેળવવાનો પ્રયત્ન નથી ત્યાગવાનો, પણ મેળવેલી સ્થૂળ સામગ્રી બહુજનહિતાય ત્યાગવાની હોય છે. જેનામાં મેળવવાનું સામર્થ્ય નથી એનો ત્યાગ તો માત્ર પ્રપંચ જ કહેવાય. મેળવ્યા વિના ત્યાગનો શો શું? જાહેરમાં વરઘોડા કાઢીને ત્યાગ કરતો માણસ પછી ખાનગીમાં ઘણુંબધું ભેગું કરી લેવા અધીરો થઈ ઊઠે છે. આટલો ભ્રષ્ટાચાર તો રાજકારણમાંય જોવા નથી મળતો!

એક વખત ભગવાન મહાવીર પાસે બેઠેલા તેમના શિષ્ય ગૌતમે દૂરથી જતા એક દરિદ્ર માણસ તરફ સંકેત કરીને કહ્યુંઃ

'પ્રભુ, પેલો માણસ કેવો અપરિગ્રહી છે! તેની પાસે કોઈ જ ભૌતિક સામગ્રી નથી. સુખસાહ્યબીની વાત તો ઠીક, તેની પાસે પ્રાથમિક આવશ્યકતાઓ પૂરતું પણ કશું જ નથી. ગજબનો અપરિગ્રહ કેળવ્યો છે તેણે!'

ભગવાન મહાવીરે પૂછ્યું, 'ગૌતમ! એ દરિદ્ર માનવીના હાથ તો ખાલી છે, પરંતુ શું એનું મન પણ ખાલી છે ખરું?'

'ના પ્રભુ! એના મનમાં તો ઘણુંબધું હોવાની સંભાવના છે.'

'તો પછી એ અપરિગ્રહી નથી. ત્રણ વાતો યાદ રાખો : જેની પાસે કોઈ જ સામગ્રી નથી, પણ તેને મેળવવાની મૂર્ચ્છા કે આસક્તિ છે તે માણસ પરિગ્રહ-પ્રિય દરિદ્ર છે. જેની પાસે આવશ્યકતા જેટલી સામગ્રી છે, પણ તે માટેની આસક્તિ નથી તે સંયમી છે અને જેની પાસે કોઈ પ્રકારની સામગ્રી તો નથી જ અને તે સામગ્રી માટેની મૂર્ચ્છા કે આશક્તિ પણ નથી, એ જ સાચો સંયમી છે.'

ભગવાન મહાવીરના સમ્યક્ દર્શનને સમજવા માટે પણ સમ્યક્ આત્મસૂઝ કેળવવી જરૂરી બને છે.

એક વખત ગૌતમે તેમને પૂછયું, 'પ્રભુ! શરીરને કષ્ટ આપવું કે તેને સંતાપવું તે ધર્મ છે?'

'એવું કહી શકાય નહીં કે તે ધર્મ છે.'

'તો શું તે અધર્મ છે?'

'એમ પણ નહીં કહી શકાય કે તે અધર્મ છે.'

'તો પછી એને શું સમજવું?'

'હે ગૌતમ! કોઈ બીમાર માણસ કડવી દવા પીએ તો તે અનિષ્ટ કરે છે એમ કહેવાય ખરું?'

'ના.'

'તો કોઈ રોગી માણસ મિષ્ટાન્ન જમે એને ઈષ્ટ કહેવાય ખરું?'

'ના, પ્રભુ!'

'બસ, એ જ રીતે શરીરને કષ્ટ આપવું કે ન આપવું તે મહત્ત્વનું નથી, પણ તેમાં સાધનાની કેટલી ઊંડાઈ છે તે મહત્ત્વની વાત છે.'

ભગવાન મહાવીરની ભક્તિ કરવાનો અધિકાર એને જ મળી શકે છે, જે એમની વાણીનું સમ્યક્ આચરણ કરવાની તત્પરતા ધરાવતો હોય!

## ૨૦૧૨માં વિદેશ યાત્રાએ જવું છે ? 'GEM TOURS' આપે છે સર્વશ્રેષ્ઠ-વિસ્તૃત-બાદશાહી પસંદગીઓ, અકલ્પનીય ભાવે !!!

**સાઉથ આફ્રિકા**
દિ-૧૦, ONLY ₹ 99999pp

**સાઉથ આફ્રિકા-વિક્ટોરીયા ફોલ્સ**
દિ-૧૨, ONLY ₹ 139999pp

**સાઉથ આફ્રિકા-કેન્યા**
દિ-૧૪, ONLY ₹ 159999pp

**યુરોપ**
દિ-૧૭, ONLY ₹ 169999 to 194999pp

**હંગેરી-બુડાપેસ્ટ-પ્રાગ-બર્લીન-ઈન્સબ્રુક**
દિ-૧૫, ONLY ₹ 164999pp

**રશિયા-સ્કેન્ડીનેવીયા**
દિ-૨૦, ONLY ₹ 274999pp

**ગ્રીસ-તુર્કી (ઊંડાણપૂર્વક)**
દિ-૧૪, ONLY ₹ 174999pp

**સ્પેન-પોર્ટુગલ-લિસ્બન-પોર્ટોબાનુસ**
દિ-૧૩, ONLY ₹ 164999pp

**વિશ્વમાં સૌ પ્રથમવાર : ICE LAND સાથે FJORDની અદ્‌ભૂત ક્રુઝ : US$ 2999 to 4444**

**CASTLES અને ESTATES સાથે અતિ વૈભવી : IRELAND**
દિ-૯, ONLY ₹ 149999pp
આપણ મહારાજ 5* CASTLES માં આપણી જ શુધ્ધ શાકાહારી રસોઈ બનાવશે. આ પ્રકારની ટુર ભારતથી સૌ પ્રથમવાર.

**અમેરિકા સાથે અલાસ્કા FREE**
દિ-૨૪, ONLY ₹ 224999pp

**ફકત અમેરિકા**
દિ-૧૭, ONLY ₹ 174999pp

**કેનેડીયન રોકીસ-અલાસ્કા**
દિ-૧૭, ONLY US$ 2999 to 4999pp
ક્રુઝમાં FREE UPGRADE SUITE ROOM

**100% ન્યુઝીલેન્ડ**
દિ-૧૩, ONLY ₹ 164999pp

**ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડ**
દિ-૧૯, ONLY ₹ 264999pp

**ફારઈસ્ટ**
દિ-૧૩, ONLY ₹ 69999 to 99999pp

**થાઈલેન્ડ**
દિ-૬, ONLY ₹ 29999 to 34999pp

**હોંગકોંગ-મકાઉ-સેન્ઝેન**
દિ-૯, ONLY ₹ 64999pp

**બ્રાજિલ-આર્જેન્ટીના-પેરૂ**
દિ-૧૬, ONLY ₹ 349999pp

**દુબઈ**
દિ-૫, ONLY ₹ 40999pp

**શ્રીલંકા-માલ્દીવ્સ**
દિ-૧૦, ONLY ₹ 89999pp

**GEM**
TOURS & TRAVELS
THE LUXURY TOUR CO.
(AN ITIL ENTERPRISE)

HEMANG DOSHI : 9322216626 ★ HEMEN KATHAWALA : 9819084064
AMIT JAIN : 9867574455 ★ DARSHITA MEHTA : 9820604660
DOLLY JAIN : 9004703237 ★ KEJAL DOSHI : 9820950276

| | | | |
|---|---|---|---|
| CHOWPATTY | : 23677070 | PARLE (W) | : 26178300 |
| PARLE (E) | : 9920378997 | KALBADEVI | : 65892741 |
| GHATKOPAR | : 21026883 | MULUND | : 25933841/42 |
| KANDIVALI (W) M.G. ROAD | : 28659347 | BORIVALI | : 8898222787 |
| S. V. ROAD | : 28645005 | PUNE | : 09326222552 |

ITIL

ADVT

www.gemtravels.com ★ bshah@gemtravels.com ★ www.facebook.com/gemtours


One Solution For All Your Fire Protection Needs.
EURO
WNCL
NITIEJET FIRE HOSE
TIEFLEX FIRE HOSE
NITIE
FIRE PROTECTION ENGINEERS
NITIN FIRE PROTECTION INDUSTRIES LIMITED
FIRE PROTECTION ENGINEERS
Corporate Headquarter
501, Delta, Technology Street, Hiranandani Gardens, Powai, Mumbai - 400 076. INDIA
Tel.: +91 22 4045 7000 Fax.: +91 22 2570 1110
Email : nitinfire@vsnl.com Website : http://www.nitinfire.com
ADVT


NITIE
FIRE PROTECTION ENGINEERS
Total
Fire
Protection
Solutions

ADVT

Rajshree
CLOVER

Presenting a benchmark for quality of life



1 / 2 / 3 BHK FLATS

Site : Bldg. No 110, Tilak Nagar, Chembur (East), Mumbai - 400 089.

Ongoing Projects



Rajshree Amber MALAD (E)

1 / 2 BHK FLATS



Rajshree Status GHATKOPAR

4 BHK FLATS



Rajshree DAISY CHEMBUR

2 / 3 BHK FLATS

Developer :

RAJSHREE BUILDERS

Building A Future Into Every Home

Marketing Consultants :


Manish D. Vora

9820144859 / 9324339343

ADVT

# અભિનંદન–શુભેચ્છા


કીર્તિભાઈ રાણા


રમેશભાઈ પારેખ

## જેજેસી
## વાશી


મનુભાઈ શાહ


મહેન્દ્રભાઈ દોશી

નવી મુંબઈ મર્ચન્ટ્સ ચેમ્બરની વર્ષ ૨૦૧૨-'૧૪ બે વર્ષ માટે સેન્ટરના સભ્યો સર્વશ્રી કીર્તિભાઈ રાણા, રમેશભાઈ પારેખ અને મનુભાઈ શાહ (સેક્રેટરી-વાશી સેન્ટર) તથા તેમની 'ક્રાંતિ પેનલ' બહુમતીથી ચૂંટાઈ આવેલ છે તથા કૉ-ઑપ્ટ સભ્ય શ્રી મહેન્દ્રભાઈ દોશી-ટિટબિટ મસાલા (ઉપપ્રમુખ)ને જેજેસી-વાશી અભિનંદન પાઠવે છે.

વેપારી વર્ગની તથા સામાજિક ક્ષેત્રે સારી સેવા આપી ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છા...

## જેજેસી-વાશી કમિટી તથા સર્વે સભ્યો

ADVT

# કચ્છ મિટ-૨૦૧૨






જૈન જાગૃતિ સેન્ટર ગાંધી




આયોજિત


જૈન જાગૃતિ સેન્ટર ગાંધીધામ-અંજાર


જૈન જાગૃતિ સેન્ટર
વર્ધમાન નગર (ભૂજોડી) ૧૪૭
આપનું હાર્દિક સ્વાગત કરે છે

# જૈન જાગૃતિ સેન્ટર – જૈન સોશિયલ ગ્રુપ

## સુભગ મિલન



Office Bearer's JJC & Charitable Trust : Ramesh Morbia, Jitendra Kothari, Sanjay Shah, Praful Kamdar, Kishor Sheth, Jayanti Chhadva, Uday Sanghvi, Anil Doshi, Rajesh Gandhi, Rajesh Bhansali, Ramesh Sanghvi & Kishor Shah, Kiran Shah, Chandravadan Shah, Hasmukh Dedhia

Office Bearer's JSG : Dilip Shah, Pankaj Sanghavi, Rohit Mehta, Chandrakant Shah, Ashish Shah, Arun Sanghvi, Pankaj Shaparia, Mukesh Mehta, Dhirubhai Doshi, Mahendra Ajmera, Ashok Jaswani, Surendra Savai

# It's your Business, make it BIG!

## How ???

Join,

JAGDISH JOSHI'S BUSINESSMAN KI PATHSHALA ™

Keep Alive The Student Within You

**An unique learning programme-cum-workshop focused on Small & Medium-Sized Enterprises (SMEs) and Family Managed Business (FMBs) by India's prominanat Management Educator, Business Psychologist and Author of three best selling books published in four languages.**

"Like medicine, knowledge today has an expiry date. And today's entrepreneurs must keep afresh and learn the best practices internationally if they have to deal with new challenges and continue to be a leader in their respective industry. Remember, out of every 10 men who are born in this world, 9 men work for the tenth. So, prepare yourself to be the tenth. This calls for a humble mindset, which is open to learning."

### Your Coach:

- Noted Management Educator, Business Psychologist & Author, with more than 25 years of experience in consulting.
- Turned around the fortunes of many organizations by using exclusive and proprietary "Toolkits & Modules".
- Interacted with over 1 million Sales and Marketing Professionals including CEOs, Managers, Dealers & Distributors over 30 countries.






NEW ARRIVAL

For more details and enroll to 'BUSINESSMAN KI PATHSHALA' learning programme call Manjiri at:
**Ph.: (022) 28942881 / (022) 28953815**
**Mob: 9833780190/ 9892192369/ 9819531370**
**Email: jagdish@jagdishjoshi.com, Web: www.jagdishjoshi.com**

*"Crazy people create history, wise people normally read history."* ® - Jagdish Joshi

ADVT

# CONSERVATION OF WATER

■ સંજય શેઠ

સમવૃષ્ટિ, ચોમાસું, પૂર, દુષ્કાળ, અતિવૃષ્ટિ – આ બધું પ્રકૃતિનું ઋતુચક્ર છે. હજારો વર્ષના અનુભવના આધારે માનવે તેમાંથી બચવા ઉપાયો શોધી કાઢ્યા છે. ક્રમેક્રમે વિજ્ઞાને આપણું જીવન થોડું ઓછું કષ્ટમય થાય તેવી ઘણી શોધ કરી છે. નાગરિકશાસ્ત્ર આપણને આવા સંજોગોમાં જીવવાના થોડા પાઠ શીખડાવે છે તો જૈન ધર્મ પ્રકૃતિના મૂળ સુધી ઊંડે પહોંચી આપણને જ્ઞાન આપે છે. આ વર્ષે મેઘરાજાની મહેરબાની ઓછી હોય તેમ વરસાદ સંતોષકારક નથી અને આપણો દેશ ખેતીપ્રધાન હોઈ તેનાં માઠાં પરિણામો નજર સમક્ષ તોળાઈ રહ્યાં છે. સામૂહિક રીતે, વ્યક્તિગત રીતે અને ધાર્મિક રીતે આપણે ઘણુંબધું અનુપાલન કરી શકીએ – તંત્રી

ચોમાસામાં વરસાદ ન પડયો હોય કે ઓછો પડયો હોય ત્યારે એક સારા નાગરિક તરીકે આપણી શું ફરજ છે?

પાણીનું એક એક ટીપું બચાવવાનું.

પાણી એ સમગ્ર પ્રાણીજગતની પ્રાથમિક જરૂરિયાત છે, પણ ગમે તે સંજોગોમાં માનવ સિવાયનાં બધાં જ પ્રાણી પાણીને કરકસરથી, જેટલા પ્રમાણમાં જોઈએ તેટલા પ્રમાણમાં જ વાપરે છે તે બારીક અવલોકનથી આપણે જોઈ શકીશું. ફક્ત માનવને જ નિયમનની જરૂર છે.

સૌથી પ્રથમ તો એવી માન્યતા મનમાંથી દૂર કરી નાખો કે મારા એકલાએ પાણી બચાવવાથી શું વળશે?

સાહેબ, આપણી જૂની કહેવત સાંભળી હશે. 'ટીપે ટીપે સરોવર ભરાય અને બુંદે બુંદે સમુંદર ઉલેચાય.' બીજી કહેવત છે કે 'દુકાળમાં અધિકમાસ'. આ વર્ષે અધિકમાસ છે અને મેઘરાજા રૂઠયા છે!! દરેક કહેવતના સૂચિતાર્થ હોય છે.

તો આપણે સજ્જ થઈએ – પાણી બચાવવા!

૧) ઘરમાં દરેક નળ ચેક કરાવી લીકેજ બંધ કરાવી દઈએ.

૨) સામાન્ય પ્રૅક્ટિસ પ્રમાણે ટૂથ બ્રશિંગ અને શેવિંગ સમયે વૉશ બેસિનનો નળ ચાલુ જ હોય છે તેમાં પાણીનો ઘણો જ દુર્વ્યવ્ય થાય છે. માટે ટમ્બલર લઈને આ પ્રક્રિયા કરો.

૩) વાસણ ધોતાં સર્વન્ટ નળ વહેતા મૂકી દે છે. સર્વન્ટને સમજાવી કન્ટ્રોલ કરો. વહેતાં પાણીને બદલે બાલદીમાં જરૂરી પાણી લઈને વાસણ ધોવા જોઈએ.

૪) તેવી જ રીતે કપડાં ધોવામાં પણ આપણે/નોકર ખૂબ પાણી વ્યય કરે છે. જો વૉશિંગ મશીન હોય તો વિવેકપૂર્વક સૂચના અનુસરો. ચોક્કસ પાણીની વપરાશમાં ઘટાડો થશે.

૫) ઘરમાં બધા જ નળ Low Flow Rateના બેસાડો, Shower પણ Small Headના બેસાડો. બાથરૂમના ટમ્બલર પણ નાની સાઈઝના વાપરો.

૬) કપડાં નિતારેલું પાણી, ફ્રૂટ-વેજિટેબલ ધોયેલું પાણી, વાસણ માંજવાનું છેલ્લું પાણી Flush માટે કે પટ્ટા મારવામાં કરી શકાય. તેને ગટરમાં વહેવડાવી દેવું ન જોઈએ.

૭) Car Washing – આમાં આપણા નોકર ખૂબ જ પાણી વેસ્ટ કરે છે. કાર દરરોજ વહેતાં પાણીથી ધોવાની જરૂર નથી. તેને બદલે અઠવાડિયામાં એક દિવસ અને બાકીના દિવસોમાં પાણીથી લૂછી શકાય. વિચાર કરો કે દરરોજની આઠ-દશ બાલદી પાણી બચી જશે.

એક સર્વે પ્રમાણે શહેરમાં એક વ્યક્તિ સરેરાશ ૧૫૦ લિટર પાણી વાપરે છે, પણ જો થોડા Vigilent બનીએ તો ઉપર દર્શાવેલા નુસખાથી ૩૦% પાણીનો બચાવ થશે અને ચાર જણના ફૅમિલીમાં દરરોજ ૧૦૦ લિટર પાણી બચશે અને આમ દુકાળમાં અધિકમાસની સંભાળ લઈ લેવાશે. આમ તો ઉપરના દરેક કિસ્સામાં પાણીનો દુર્વ્યય કરતા આપણને કોઈ જોતું નથી, પણ જો આપણે આપણી જાતને જ સાવચેત કરીશું તો ફરક પડી જશે. આ હતા Civil Code. હવે આપણે જોઈએ સાયન્સના દૃષ્ટિકોણથી ઉપાય. વિજ્ઞાન આપણને વરસાદના પાણીના સંચય વિશે, જાળવણી વિશે કહે છે. વિજ્ઞાનની ભાષામાં તેને Water Harvesting કહે છે.

વરસાદ તો ફક્ત ચાર જ મહિના આવે છે. બાકીના આઠ મહિના આપણે સંચયિત કરેલું પાણી જ વાપરવાનું છે તેથી તેનું સંચય કરવું બહુ જરૂરી છે.

વરસાદનું પાણી ઝરા, નદી મારફ્ત સમુદ્રમાં ઠલવાઈ જાય કે જમીનમાં ઊતરી જાય તે પહેલાં તેનો સંગ્રહ કરવા આપણે કૃત્રિમ સરોવરો-બંધો બાંધ્યાં છે. તેના ડિસ્ટ્રિબ્યુશન માટે નહેરો બનાવી છે. પ્રાચીન સમયમાં

આપણે તળાવો બનાવ્યાં છે, કૂવા બનાવ્યા કે વાવ પણ બનાવી છે. વાવ એ Water Harvestingનું ઉત્તમ ઉદાહરણ છે. હડપ્પાના અવશેષમાં પણ આવી વાવ મળી આવી છે. ધોળાવીરા, અડીકડી વાવ કે વઢવાણની માધાવાવ કે World Heritage અડાલજ વાવ એ જૂના જમાનાની-સદીઓ પુરાણી આપણી Talent છે. જયપુરના આમેર કિલ્લામાં કે ઝાંસીના કિલ્લાની ઉપર વિશાળ પાણીની ટાંકી દરેકે જોઈ હશે. આ પણ ભારતની જૂની ટેક્નૉલૉજીની દેન છે.

હાલમાં ઘણીબધી શોધ થઈ છે અને Water Harvestingની નવી દિશા ખૂલી ગઈ છે.

ઘર, બંગલો, સોસાયટી કે ટાઉનશિપ માટે STP (Sewage Treatment Plant) ફરજિયાત બેસાડવાનો કાયદો આવી રહ્યો છે, જેનાથી લાખો, કરોડો ગૅલન પાણીનો Reuse કે Recycling શક્ય બનશે. કેમિકલ ફૅક્ટરી કે જે લાખો ગૅલન પાણી વાપરી નાખે છે તેઓ માટે STP ફરજિયાત છે જ. આવા ઘણાબધા ઉપાયો વડે આપણે જિંદગી થોડી સરળ બનાવી શકીએ. તે માટે કુદરત સાથે પ્રામાણિક બનવું પડશે.

# અપકાય જીવો - પાણીના જીવો

■ નલીન વોરા

**આપણે નાગરિકશાસ્ત્ર અને વિજ્ઞાન બન્નેના દૃષ્ટિકોણ જાણી લીધા અને હવે પાણીની વપરાશ ને દુર્વ્યય વિશે જૈન ધર્મ શું કહે છે તે જાણીએ શ્રી નલીન વોરાની કલમે: – તંત્રી**

જૈન ધર્મ એક વિશિષ્ટ ધર્મ છે. તેના ઘણા સિદ્ધાંતો બીજા ધર્મને મળતા આવે છે અને ઘણા સિદ્ધાંતો અલગ પડી જાય છે જેના લીધે તે બીજા ધર્મથી અનોખો - અલગ પુરવાર થઈ જાય છે. દરેક ધર્મમાં અહિંસા એક મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત છે, પણ જૈન ધર્મમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવો વિશે ઉલ્લેખ કર્યો છે. પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિ આદિ એકેન્દ્રિય જીવોમાં પણ જીવ છે એ જૈન ધર્મની વિશિષ્ટ અવધારણા છે. જૈન પરંપરા પૃથ્વી-પાણી આદિમ તો જીવ છે તેમ માને જ છે, પણ સાથોસાથ એમ પણ માને છે કે તે સ્વયં પણ જીવનયુક્ત એટલે કે સજીવ છે. આ વિશે આચારાંગ સૂત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે પૃથ્વી-પાણી વગેરેમાં જે જીવ રહે છે તે પૃથ્વીકાય-અપકાય આદિ જીવોથી ભિન્ન છે, પણ જ્યારે પૃથ્વીકાય કે અપકાય આદિ જીવોની હિંસા થાય છે ત્યારે આ જીવોની પણ હિંસા સાથોસાથ થઈ જાય છે. આચારાંગ સૂત્રમાં આવા ષડ્ જીવો-પૃથ્વીકાય આદિ જીવોની હિંસાનાં સ્વરૂપ, કારણ, સાધન અર્થાત્ શસ્ત્રની ચર્ચા મળી આવે છે.

જીવ પોતાના કર્માનુસાર જે જે સંજ્ઞામાં જન્મે છે તે અનુસાર તેને વિભાજિત કરવામાં આવે છે. છકાય જીવો પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય છે. (ત્રસકાય જીવો પોતાની મેળે હાલીચાલી શકે છે જ્યારે સ્થાવરકાય જીવો પોતાની મેળે હલનચલન કરી શકતા નથી.) આ છકાય પૈકી ત્રસકાય સિવાય પાંચ પ્રકારના એકેન્દ્રિય જીવો સ્થાવરકાય છે. તે પૈકી આપણે આજે અપકાય-પાણીના જીવો વિશે જોઈએ. અપકાય જીવોના બે ભેદ છે. સૂક્ષ્મ અને બાદર. તે બંનેના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ કુલ ચાર ભેદ થાય છે.

સંપૂર્ણ લોકમાં પાંચ પ્રકારના સૂક્ષ્મ સ્થાવરકાય જીવો ઠાંસોઠાસ ભરેલા છે. તેમનું શરીર અત્યંત સૂક્ષ્મ હોવાથી ચર્મચક્ષુ વડે જોઈ શકાતા નથી. જે જોઈ શકાય છે તે બાદર જીવો હોય છે. અપકાયિક (પાણીના) જીવો પણ અત્યંત સૂક્ષ્મ હોવાથી દેખાતા નથી, તેથી તેની હિંસાનો ત્યાગ થોડો અઘરો હોય છે. શ્રી આચારાંગ સૂત્રમાં પાણીના બે પ્રકારના જીવો વચ્ચે સ્પષ્ટ ભેદ બતાવ્યો છે.

એક-એવા જીવ જે પાણીને પોતાનું રહેઠાણ બનાવે છે.

બે-એવા જીવો જેનાથી પાણી બનેલ છે. અર્થાત્ પાણીના સ્કંધો પોતે જ શરીર બને છે તેને અપકાય જીવો કહેવાય છે. જુદાજુદા પ્રકારના પાણીના નામ આ મુજબ છે. વરસાદ અને કરાંનાં પાણી, ઝાકળ અને ધુમ્મસનાં પાણી, કૂવા અને તળાવનાં પાણી, દરિયા અને ઝરણાનાં પાણી, ખારાં અને ખાટાં પાણી, મીઠાં અને મોળાં ઈત્યાદિ ઘણી જાતનાં પાણી છે.

પાણીના એક એક બિંદુમાં અસંખ્યાતા જીવ છે તેમ શ્રી ભગવંત જણાવે છે. તેમાંથી એક એક જીવ નીકળીને સરસવના દાણા જેવડી કાયા કરે તો એક લાખ યોજનનો જંબુદ્વીપ છે તેમાં તે જીવો સમાઈ શકે નહીં. તેનું સંસ્થાન (આમર) પાણીના પરપોટા જેવું, વર્ણ લાલ (રાતો) છે. તેનું આયુષ્ય જઘન્ય અંતમૂર્હતનું અને ઉત્કૃષ્ટ ૭૦૦૦ વર્ષનું છે. અપકાયની ૭ લાખ જાતિ અને ૭ લાખ ક્રોડ કુળ છે.

અપકાયિક જીવો સચિત-સચેતન છે. શસ્ત્રના યોગથી તે અચેત બને છે. અપકાયિક જીવોને નિષ્પ્રાણ કરનાર શસ્ત્રો (સાધના) ઉત્સેચન, ગાલન, ચાવન, સ્વકાય, પરકાય અને તદુભયકાર પ્રમુખ કહી શકાય. અર્થાત્ કૂવામાંથી પાણી કાઢવું, ગાળવું, કપડાં ધોવાં વગેરે. સ્વકાય શસ્ત્રો એટલે કે જુદી જુદી જગ્યાનું પાણી, દા.ત. નદીનું પાણી અને તળાવનું પાણી એકબીજા માટે શસ્ત્રનું કામ કરે છે, પરકાયશસ્ત્ર એટલે માટી, તેલ, અગ્નિ વગેરે અને તદુભય એટલે સ્વકાય અને પરકાયનું મિશ્રણ જેમ કે પાણીથી ભિંજાયેલી માટી. આ બધાં ભૌતિક શસ્ત્ર ઉપરાંત હિંસાના અસંયમિત ભાવ પણ એક માનસિક શસ્ત્ર છે. આ જીવોની દયા પાળવાથી મોક્ષના સુખની પ્રાપ્તિ થઈ શકે છે.

અપકાયની દયા પાળવા માટે વરસાદમાં નહાવું નહીં, હોળી-ધુળેટી ન રમવું અને કાચા પાણી ભરેલા ફુગ્ગા ફોડવા નહિ, પર્વતિથિએ નાહવાના પાણીની મર્યાદા કરવી. કાચું કે અળગણ પાણી પીવું નહીં, નદી, તળાવ કે તરણહોજમાં નહાવું નહીં, પાણીનો વ્યય કરવો નહિ. પીવાના પાણીનો આખો ગ્લાસ ભરી અડધો પીવો-અડધો ફેંકવો તે ન કરવું, થોડાથી ચાલતું હોય તો વધુ પાણીનો બગાડ ન કરવો. નહાવા માટે એક ડોલ પાણીથી ચાલતું હોય તો બે ડોલ વાપરી પાપ ન વહોરવું. બ્રશ કરતાં કે વાસણ-કપડાં ધોતી વખતે નળને ચાલુ રાખવાથી પણ પાણીનો વ્યર્થ વ્યય થાય છે.

સાધુ-સાધ્વીજી બને તેટલું ઓછું પાણી વાપરીને કામ ચલાવે છે તે પરથી આપણે પણ સમજવાનું છે કે પાણીની વધુ વપરાશથી આપણને કાંઈ મળતું નથી, પણ ગુમાવવાનું જરૂર છે. પાણી જીવનમાં અત્યંત જરૂરી છે, પણ કરકસરથી વાપરવાની ટેવ પાડવાનો ગુણ કેળવવા જેવો છે. આ વર્ષે તો વરસાદ ઓછો પડ્યો છે. તેથી જો પાણીનો બચાવ અત્યારથી જ કરીશું તો આગળ વર્ષ દરમિયાન ઓછી તકલીફ થશે. આમ પાણીનો બગાડ કરવાથી જાણે-અજાણે આપણે એકેન્દ્રિય જીવોની કેટલી હિંસા કરતા હોઈશું? તો ચાલો આજથી આપણે નક્કી કરીએ કે ધર્મની દૃષ્ટિએ અને વ્યાવહારિક રીતે પણ વિચારીએ અને પાણીની વપરાશમાં સંયમિત બની પ્રભુએ દર્શાવેલા માર્ગ પર પગરણ માંડીએ.

---

# સમૂહલગ્નોત્સવ ૧૮

**જેજેસી પરિવારના દરેક સેન્ટરના કમિટી સભ્યો તથા આમ સભ્યો જોગ...**

**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત**
**જૈન સમાજના દરેક ફિરકાઓને આવરી લેતો ૧૮મો સમૂહલગ્નોત્સવ**

## દિનાંક : રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨

**સ્થળ :** જે.વી.પી.ડી. ગ્રાઉન્ડ, પી.વી.આર અને ચંદન ટોકીઝની પાસે, જુહુ

**આધારસ્તંભ :** **જૈન જાગૃતિ સેન્ટર-નોર્થ ઈસ્ટ**
**શ્રી કીર્તિકુમાર વનેચંદ દોશી તથા શ્રી વિનુભાઈ વનેચંદ દોશી (હાલ સિંગાપોર)**

**પ્રેરક દાતા :** શ્રીમતી અમૃતબહેન મોનજીભાઈ શાહ (કોટડી-મહાદેવપુરીનિવાસી હાલ જુહુ)

**ભોજનના દાતા :** અ.સૌ. જ્યોતિબહેન ભૂપેન્દ્રભાઈ મહેતા (વલ્લભીપુરનિવાસી હાલ જુહુ)

**સજાવટના દાતા :** શ્રીમતી વર્ષાબહેન અનિલભાઈ શેઠ (લિંબડીનિવાસી હાલ જુહુ)

કુલ ૨૧ યુવક-યુવતીનાં લગ્ન કરાવવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે **Registration** કરવાનું શરૂ થઈ ગયું છે. વર અને કન્યા, બન્ને પક્ષના વડીલોએ રૂબરૂમાં સેન્ટ્રલ બોર્ડની ઑફિસમાં આવી જરૂરી ફૉર્મ ભરી મુકરર કરેલ ચાર્જ ભરવાનો રહેશે. ૨૧ નામ આવ્યાં બાદ કોઈ પણ હિસાબે બીજાં નામ લેવામાં આવશે નહીં.

સંપર્કસૂત્ર : સચીન પવાર-૦૨૨-૭૫૭૨ ૬૬૩૬ / ૦૨૨-૬૬૯૭ ૩૦૩૮

# સાંપ્રત સમસ્યા

■ જિતેન્દ્ર કોઠારી (I. P. Chairman)

સવારે છ વાગ્યે ઘરની બેલ વાગી. હું જાતે જ દરવાજો ખોલવા ગયો. સામે હાર્દિકભાઈ (કાલ્પનિક નામ) અને તેમનાં પત્નીને જોઈને મને આશ્ચર્ય અને આંચકો બન્ને લાગ્યાં. ઘરમાં આવતાં કહ્યું અને બન્ને જણ હાંફળાં હાંફળાં અંદર આવ્યાં. કાંઈક અજુગતુ બની ગયાની દહેશત સાથે પ્રયોજન પૂછ્યું તો બન્ને ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યાં.

'જિતુભાઈ, અમારા પર મુસીબતનો પહાડ તૂટી પડ્યો છે. વધુ વિગતમાં જતાં માલૂમ પડ્યું કે તેમની ૨૨ વર્ષની એકની એક દીકરી સપના (નામ બદલાવ્યું છે) સવારે પાંચ વાગ્યા સુધી ઘરે આવી ન હતી તેથી તેઓ ચિંતામાં હતાં. મોબાઈલ પર કોઈ સંપર્ક થતો ન હતો. એ જ સમયે મોબાઈલની રિંગ વાગી. સામે છેડે ખાર પોલીસસ્ટેશનથી ઇન્સ્પેક્ટર હતા. તેમણે જણાવ્યું કે સપના ડ્રંક અને ડ્રાઈવ કરતાં વહેલી સવારે પોલીસના હાથે પકડાઈ ગઈ હતી અને પોલીસ લૉકપમાં પહોંચી ગઈ હતી. હાલમાં તે લૉકપમાં જ હતી.

હાર્દિકભાઈએ મને કહ્યું કે, 'જિતુભાઈ, ગમે તેટલો ખર્ચો થાય, લાગવગ લગાવો, પણ સપનાને છોડાવી દો. આપણા સમાજમાં અમારી આબરૂનું ધનોતપનોત નીકળી જશે.'

સુખી-સંપન્ન અને આબરૂદાર ગણાતા હાર્દિકભાઈ, અચાનક 'કાંઈક' લૉટરી લાગી જતાં છેલ્લાં ૧૫/૧૭ વર્ષથી દહિસરની ચાલીમાંથી જુહુ એરિયાના એક આલીશાન ફ્લૅટમાં રહેવા આવી ગયા હતા. હાર્દિકભાઈની એકની એક પુત્રી કૉલેજમાં ગયા બાદ થોડા સમયમાં સંગતની અસર નીચે વધારે 'મૉડર્ન ગર્લ' બની ગઈ હતી. પૉકેટમનીમાં જોઈએ તેટલા પૈસા મળે. સંગતફેર થઈ જતા હાઈ સોસાયટીના નામે લાઈફ સ્ટાઈલ બદલાઈ ગઈ. મા-બાપ પોતે જ હાઈ સોસાયટીની લપેટમાં આવી ગયાં. અઢળક કમાણી. પપ્પા ધંધામાં અને પાર્ટીમાં રચ્યાપચ્યા રહે. મમ્મી પણ કિટી પાર્ટીઓ અને સામાજિક સેવામાં મશગૂલ. સંતાન શું કરે છે, શું ભણે છે, કોની સંગત છે, કોઈ ખરાબામાં તો નથી ફસાઈ ગઈ ને તેવી કોઈ Vigilent Eye ન મળે. ક્યાંથી મળે. પોતે પણ મોટા ભાગના દિવસોમાં રાત્રે લેટ જ આવે. ફ્લૅટની એક ચાવી દીકરી પાસે હોય. મોડી રાત્રે લપાઈ-છુપાઈને ઘરે આવી સૂઈ જાય. બીજે દિવસે સવારે ૧૧/૧૨ પહેલાં ઊઠવાનું નહીં અને ઊઠે ત્યારે પપ્પા ઑફિસે જવા નીકળી ગયા હોય અને મમ્મી બહાર નીકળવાની તૈયારી કરતી હોય.

ફક્ત આ ફેમિલી જ નહીં, ઘણાંબધાં કહેવાતાં હાઈ સોસાયટીનાં કુટુંબો આનો ભોગ બન્યાં છે. આપણે આંધળુકિયા કરીને ક્યાં જઈ રહ્યા છીએ તેનું અન્વેષણ કરવાની જરૂર નથી?

હાર્દિકભાઈ મારી પાસે મદદની આશા લઈને આવેલા, સહાનુભૂતિ માટે આવેલા. તેમને હૂંફની જરૂર હતી. બે શબ્દો આશ્વાસનના બોલવા જોઈએ. મને ખબર હતી કે આજે રવિવાર છે, ગમે તેવી ઓળખાણ હોય તોપણ સોમવારે કોર્ટ ખૂલે ત્યાં સુધી કાંઈ થવાનું નથી. તેથી તેમની સાથે થોડી નિર્લેપ વાતો કરી હળવા કરી રવાના કર્યા, પણ પૂછવા જેવા કેટલાય પ્રશ્નો મેં ન પૂછ્યા. આપવા જેવો થોડો ઠપકો પણ ન આપ્યો, કારણ એ બધું ઘા પર મીઠું ભભરાવવા જેવું થશે.

પણ કેટલાય વણપૂછ્યા સવાલો મારા મનમાં ઘુમરાતા હતા. કહેવાય છે કે પુરુષાર્થથી પેટ ભરાય, બુદ્ધિથી ઘર ભરાય, પણ પ્રારબ્ધથી ગોડાઉન છલકાય. પ્રારબ્ધથી આવેલો પૈસા ઘણાને સદતો નથી, કારણ તેની પાસે કોઈ મંજિલ હોતી નથી કે રાહ હોતો નથી. ભૂતકાળમાં જોયેલાં સ્વપ્નો અચાનક સાકાર થતાં લાગે ત્યારે ''અધૂરાં ઓરતાં'' પૂરાં કરવાં તેની મતિ ભ્રષ્ટ થઈ જાય છે. જો ખાનદાનના સુસંસ્કારો તેની મદદે ન આવે તો અનિષ્ટ જીવનશૈલી અપનાવતા વાર લાગતી નથી.

હાર્દિકભાઈનું પણ એવું થયું. દહિસરની ચાલીમાંથી અલાઉદ્દીનના જાદુઈ ચિરાગે સીધા જુહુના પૉશ એરિયામાં મૂકી દીધા. ત્યાંની Life Styleથી અંજાઈ બન્ને જણાએ તે અપનાવી લીધી. ધંધામાં અને આવકમાં ગુણાકાર થયો અને મૂળભૂત સંસ્કારોનો લોપ થયો. ધંધાના વિકાસના ઓઠા હેઠળ પાર્ટી-ક્લબ લાઈફ, રંગરેલિયાના જલદી શિકાર થયા અને તેમનું કુટુંબજીવન ખરાબે ચડી ગયું. મારે તેમને જે સવાલો પૂછવા હતા કે... તમારી એકની એક દીકરીને કોઈ દિવસ વાત્સલ્ય-પ્રેમ વરસાવ્યો છે? દીકરીને જરૂર કરતાં વધારે પૈસા પૉકેટમનીરૂપે આપો એટલે તમારી ફરજ પૂરી ગઈ! તે શું ભણે છે, ક્યાં જાય છે, કોની દોસ્તી છે, કોની સાથે ફરે છે એ

જાણવાની તસદી કોઈ વાર લીધી છે?

તમે પોતે જ કપલમાં રાત્રે ૧૨-૧ વાગ્યે અને એકલા બે-અઢી વાગે આવો પછી તમારી દીકરીને કઈ રીતે પૂછી શકો કે બેટા કેમ મોડું થયું?

તમે પાર્ટીમાં અને હરવાફરવામાં મશગૂલ હો ત્યારે તમારી દીકરી સાથે કોઈ વાર દિલ ખોલી વાત કરી છે?

મૉડર્ન બનવાના ધખારામાં તમે ઘરમાં જ મોંઘો BAR બનાવ્યો (જે તમે મિત્રોને અભિમાનથી બતાવતા) તેની અસર તમારાં સંતાનો પર શું થશે તેનો કદી વિચાર કર્યો?

તમે જૈન છો, પણ આધુનિકતાના નામે જૈનત્વથી કેટલા દૂર જતા રહ્યા છો તેનું તમને ભાન છે? જૈન સંસ્કારો કદી આપણને સંતાપવા ન દે કે ન છલકાવા દે.

હમણાં તમે તમારી આબરૂની વાત કરી તો પૂછવું છે કે તમારી આબરૂ કોની પાસે છે? તમારી ક્લબના દશ-બાર કે પંદર હા-હા-હી-હી વર્તુળ પાસે કે થોડા તાળીમિત્રો પાસે! સમાજ (જે માય-બાપ છે)માં તમારું મૂલ્યાંકન શું છે?

તમને યાદ છે છેલ્લે ક્યારે તમે તમારા નાનકડા કુટુંબ સાથે બેસી જમ્યા હતા! આપણામાં કહેવાય છે કે, ''દિવસ આખો અહ્ટે-ગહ્ટે પણ સાંજનું વાળુ સૌની સાથે''. દિવસમાં એક ટંક એવો રાખો કે બધા સાથે બેસી કિલ્લોલ કરતા જમીએ. તમે સંપત્તિના દેખાડા સિવાય કાંઈ જ કર્યું નથી, હવે આંસુ વહે તો કોણ લૂછવા આવે?

આવા બધા પ્રશ્નો પૂછી શકાય તેમ ન હતું તેથી બે શબ્દો સાંત્વનાના આપી રવાના કર્યા.

આજે સમાજમાં વિભિન્ન સમસ્યા છે, પણ તેમાં બે પેઢી વચ્ચેના અંતરની સમસ્યા આપણે જેટલું સમજીએ છીએ તે કરતાં ઘણી ગંભીર છે. ટીવી, ઈન્ટરનેટ કે અન્ય મીડિયા મારફત DTH (Direct to Home) ત્રાટકતી યવન સંસ્કૃતિએ આપણા મૂળભૂત, સુખી જીવન જીવવાના સંસ્કારોને રફેદફે કરી નાખ્યા છે. બે પેઢી વચ્ચે તો શું, કુટુંબમાં પતિ-પત્ની વચ્ચે પણ સંવાદિતા રહી નથી. ઑર્કેસ્ટ્રામાં વાગતાં જુદાં જુદાં વાજિંત્રો લયબદ્ધ એક સૂરમાં વાગે તો સંગીત કહેવાય અને તે સાંભળી આપણું દિલ હરિયાળું બની જાય છે, પણ જો તે અલગ અલગ સૂરમાં વગાડવામાં આવે તો સંગીતને બદલે કોલાહલમાં પરિણમે છે. આજે આપણાં કુટુંબો વિસંવાદિતાને લીધે કોલાહલમાં ફેરવાઈ ગયાં છે. સંતાનો સાથે, પત્ની સાથે, પતિ સાથે, મા-બાપ સાથે સંવાદિતા રચો તો તેમાંથી સૌરભ ખીલી ઊઠશે. તનાવમુક્ત જીવનનો પહેલો મંત્ર છે સંવાદિતા!

બગડતી જતી સામાજિક સમતુલા માટે ફક્ત આપણે જ, હાલની વડીલ સંસ્થા જ જવાબદાર છે. જે કલ્ચર આપણે ભૂલથી પણ ન અપનાવાય તે કલ્ચરની આપણે આયાત કરીએ છીએ. મૉલ જુઓ કે મલ્ટીપ્લેક્ષ, સવારના શોમાં જઈએ તો થિયેટરમાં રડયાખડ્યા પ્રેક્ષકો હોય. કૉલેજમાંથી બંગ મારી છોકરા-છોકરીઓ બેઠાં બેઠાં તકલાદી પ્રેમગાથાઓ બનાવતાં હોય. કૉફી હાઉસમાં કલાકોના કલાકો યુવાન પેઢી સિગારેટના ધુમાડા (જેમાં છોકરીઓ પણ હોય) કાઢતા ટાઈમ પાસ કરતા જોઈને મને એમ થાય છે કે આ કલ્ચરની આપણને જરૂર હતી? અમેરિકા અને યુરોપ ભલે પડે ખાડામાં, પણ આપણે તો ચેતી જવું જોઈએ એવું મારું ખગ્રાસ ખિન્ન દિલ કહે છે. સંતાનો પર સી.આઈ.ડી.ગીરી કરવાની જરૂર નથી, પણ સંવાદિતાથી અડધી સમસ્યાઓ ઉકેલાઈ જશે તેવું હું દઢપણે માનું છું.

આજથી ૨૫ વર્ષ પહેલાં જેજેસીએ જ્યારે ઍસોસિયેટ મેમ્બરશિપની શરૂઆત કરી ત્યારે તેની પાછળ આશય પણ એ હતો કે આપણાં સંતાનો કોઈ બીજી સંગતમાં ન સપડાય અને નિર્દોષ મનોરંજનના કાર્યક્રમ આપણા જ કુટુંબના ભાઈઓ અને જૈન સમાજ વચ્ચે બેસીને જુએ અને આનંદ માણે. કદાચ આમાં છોકરા-છોકરીની ઓળખાણ થાય અને કદાચ જો એ ભવિષ્યમાં કોઈ સંબંધમાં ફેરવાઈ જાય તો એ વાતનું પણ આપણને ગૌરવ રહે કે બન્ને જૈન તો છે.

જૈન જાગૃતિની આવી દીર્ઘદૃષ્ટિ ધરાવનારાને પણ મારાં અભિનંદન.

આ વાત સત્યઘટના પર આધારિત છે. ફક્ત નામ જ બદલાયાં છે.

*(નોંધ : જૈન જાગૃતિ સેન્ટરમાં કેટલાય કિસ્સામાં સભ્યો આપસઆપસમાં સગપણથી જોડાઈ ગયા છે)*

**ગરીબમાં ગરીબ પણ કરી શકે એવું મહાદાન એટલે ચક્ષુદાન અને ત્વચાદાન**



# સ્ત્રી = જો ભી હો તુમ ખુદા કી કસમ લાજવાબ હો !!

■ કિરણ શાહ (પૂર્વ ચૅરમૅન)

સ્ત્રી એ ત્યાગની પવિત્ર, મંગળમયી મૂર્તિ છે-દેવી છે. ''મારો જીવ લે, પણ મારા બાળકનો જીવ બચાવ!'' એવું વાક્ય કેવળ માતા જ ઉચ્ચારી શકે. ગૃહમાં તેમ જ સમાજઆખામાં સ્ત્રી દેવી તરીકે પૂજવાયોગ્ય છે, પરંતુ કમનસીબી છે કે સમાજની વેદી પર આજે પણ એ દેવીનાં બલિદાન લેવાઈ રહ્યાં છે. આપણી આર્યસંસ્કૃતિના વિચારમાં, પુસ્તકોમાં અને પુરાણોમાં તો સ્ત્રીને દેવીને સ્થાને મૂકવામાં આવી છે, પણ આચરણમાં જુઓ તો રોજના જીવનમાં સ્ત્રી ગુલામડી બની રહે છે. આજના જમાનામાં ઘણાંખરાં ઘરમાં હવે યુનિયનની રીતરસમો દાખલ થઈ ગઈ છે. પુરુષો માટે દિવસના આઠ કલાક અને સ્ત્રીઓ માટે દિવસના સોળ કલાકની કામગીરી નિશ્ચિત થઈ ગઈ છે. આમ છતાં પણ કોઈ સ્ત્રી આનો વિરોધ નથી કરતી, કારણકે સ્ત્રીનું હૃદય અને પુરુષનું હૃદય એ બે વચ્ચે ઉત્તર અને દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે.

સ્ત્રીઓ પ્રેમ ખાતર જીવે છે, કીર્તિ ખાતર નહીં અને મોટા ભાગની સ્ત્રીનું હૃદય કોઈ બજારુ ચીજ નથી કે ખરીદી શકાય, એને તો જીતવું પડે. સ્ત્રી કેટલીક વાર કદાચ પુરુષ કરતાં ઓછું જાણતી હોય તોપણ સામાન્યતઃ તે સમજે છે વધારે (પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે સમજુ હોય છે). સ્ત્રી પ્રેમનું મૂલ્ય સમજે છે અને પુરુષ પ્રેમની કિંમત.

કોઈની પણ ચિંતા કર્યા વિના સ્ત્રીને કદી ચેન જ નથી પડતું, બાળપણમાં ઢીંગલીની, જુવાનીમાં પતિની અને તે પછી બાળકોની. સ્ત્રીનો સ્વભાવ છે કે જેને પોતાનું ગણ્યું તેના પર સઘળું વાત્સલ્ય ઠાલવી દેવું, પછી તે ઢીંગલી હોય, પતિ હોય, બાળક હોય કે પછી કોઈ આદર્શ હોય. એક નહિ તો બીજાની સંભાળ લેવાને જ ભગવાને સ્ત્રીજાતને ઘડી છે. જેને માટે દિલમાં પ્રેમ હોય તેને જ તે અર્પણ કરવામાં સ્ત્રીનું હૃદય અપાર આનંદ અનુભવે છે. પુરુષો તો એક યા બીજી ધૂનમાં જીવન આખું વિતાવી શકે છે, પરંતુ સ્ત્રીઓને એવી કોઈ ધૂન માત્રથી સંતોષ નથી થતો, તેમનો આત્મા એથી કશુંક વિશેષ માગે છે. પુરુષને ઈચ્છાશક્તિ હોય છે, પણ સ્ત્રી દરેક બાબતમાં પોતાનો રસ્તો તેમની કોઠાસૂઝથી કાઢી લે છે. સ્ત્રી ઘણી વાર અન્યાયને માફ કરી દેશે, પણ અવગણતાને તે કદી વીસરી નહીં શકે. સ્ત્રીના પ્રેમ પર અને પુરુષના અભિમાન પર થયેલા જખમ જલદી નથી રૂઝાતા અને અંતમાં.... સ્ત્રીના હક્કની વાત કરીએ ત્યારે એનો સૌથી મહાન હક્ક માતા થવાનો છે.

સ્ત્રી Women on Lighter side....

સ્ત્રીની Chemistry સમજવાની આપણે કોશિશ કરીએઃ

Symbol : W.0.

Accepted Weight : 120 lbs.

Physical Properties: Boils at nothing and freezes at any minute. Melts when properly treated. very bitler if not used well.

Occurance : Found Wherever men exist.

Chemical Properties : Possesses great afinity for Gold, Silver, Platinum and Precious Stones. Violent reaction is left alone. Able to absorb great amount of food matters. Turns green when placed before better looking speciman.

Uses : Highly Ornamental. Useful as a tonic in accelevation of low spirits and as a equalizer in distribution of wealth, is probably the most effective income reducing Agent.

એમ કહેવાય છે કે આ દુનિયામાં પહેલા પુરુષ આવ્યો અને પછી સ્ત્રી... પણ ત્યાર બાદ તે હંમેશાં પુરુષની પાછળ પડી ગઈ. પુરુષનો જો સૌથી મોટો કોઈ નેતા હોય તો તે સ્ત્રી છે, કારણકે આ સ્વતંત્ર દેશ છે અને દરેક પુરુષ પોતાની પત્ની ઈચ્છે તેમ તે કરી શકે છે. સ્ત્રીની જીભ તેની તલવાર છે, જે ક્યારેય કટાતી જ નથી. સ્ત્રીનું જીવન ત્રણ તબક્કામાં વહેંચી શકાય. પ્રથમઃ પ્રણયનું સ્વપ્ન જુએ તે, બીજો : એનો અનુભવ માણો તે, ત્રીજો : એ સારુ પસ્તાવો કરે છે તે.

મોટા ભાગની સ્ત્રીઓને સારો વર મેળવતા મુશ્કેલી

પડે છે. લગ્ન પહેલાં અને લગ્ન પછી. ઘણીખરી સ્ત્રીઓ આ પતિ સાથે પોતે કેમ પરણી એનો સંતોષકારક ખુલાસો પોતાની જાતને આપી કે સમજાવી શકતી નથી.

સ્ત્રીઓ માને છે કે પુરુષનો પ્રેમ ટુથ બ્રશ જેવો છે. એમાં કોઈ સહભાગી હોઈ જ શકે નહીં. સ્ત્રીનો સ્વભાવ જ છે કે જ્યારે આપણે તેને ચાહીએ ત્યારે ન ચાહવું ને જ્યારે ન ચાહીએ ત્યારે ચાહવું. સ્ત્રી માટે આદર્શ પતિ કોણ હોઈ શકેઃ કે જે પૈસા કમાવા જેટલો હોશિયાર હોય અને ખરચવા જેટલો મૂરખ. ઘણી સ્ત્રીઓ જીવનનો વીમો લેતી નથી તેઓ તેને પરણે છે.

સ્ત્રી નીચા સાદે વાત કરે તો એનો અર્થ એ કે તેને કંઈક જોઈએ છે અને ઊંચે સાદે વાત કરે તો એનો અર્થ એ કે તેને તે મળ્યું નથી. તમે પૈસા ખરચો તે દેખાઈ આવે એમ કરવું હોય તો તમને સ્ત્રીના જેટલી સારી સલાહ કોઈ નહીં આપે, કારણકે તમે ખરચેલા પૈસા દેખાઈ આવે એવી તમારી ઈચ્છા હોય તો સ્ત્રી જેવું બીજું કોઈ સ્થાન નથી.

ઘણીખરી સ્ત્રીઓ ઘરના ઊઠબેસના કામ માટે નોકરચાકર રાખે છે જેથી કરીને તેઓ હેલ્થ ક્લબમાં જઈ કસરત કરી શકે. સ્ત્રીઓના જીવનમાં બે વ્યક્તિને સીધી રાખવામાં ઘણો સમય વ્યતિત થઈ જાય છેઃ તેનો માટી અને તેનો ઘાટી. સ્ત્રીનું મન પારા જેવું હોય છે. એને છૂટું રાખો તો વેરાઈ જાય અને બંધનમાં પૂરો તો જરાક ગરમી લાગતાં જ એ ઊંચો ચડયા વિના રહે નહીં.

અને અંતમાં સ્ત્રીઓને સમજવા માટે વધારે ફિકર કરવી નહીં, કારણકે સ્ત્રીઓ પ્રેમ કરવા સર્જાયેલી છે, સમજવા માટે નહિ અને એટલા માટે જ સ્ત્રી એટલે... જો ભી હો તુમ ખુદા કિ કસમ લાજવાબ હો...

## જેજેસી-કલાનગરી દ્વારા સેન્ટરના જન્મદિને દરેક વર્ષની જેમ જરૂરતમંદો અપંગોને ટ્રાયસીકલની ભેટ આપતા સેન્ટ્રલ બોર્ડ તથા સેંટરના પદાધિકારીઓ



શ્રી રમેશ મોરબિયા, શ્રી પ્રફુલ્લ કામદાર, શ્રી દિનેશ નાણાવટી (પ્રમુખ કલાનગરી) તથા સેંટરના કમિટી સભ્યો તથા ડોનર્સ

# પ્રેરણાત્મક વ્યક્તિત્વ



**એન. આર. નારાયણ મૂર્તિ**
**(બિલ ગેટ્સ ઑફ એશિયા)**

આઈટી (ઈન્ફર્મેશન ઈન્ડસ્ટ્રી)માં જે વ્યક્તિને ઘણા લોકો 'ધ બિલ ગેટ્સ ઑફ એશિયા'ના બિરુદથી ઓળખે છે તે એન. આર. નારાયણ મૂર્તિનો જન્મ ૨૦ ઑગસ્ટ, ૧૯૪૬ના દિવસે કર્ણાટક રાજ્યના મૈસૂર ખાતે એક મધ્યમ વર્ગ કુટુંબમાં થયો હતો. તેમના પિતાજીએ તેમને બચપણમાં જ શિસ્તપાલન અને સદ્‌વર્તનના પાઠ ભણાવ્યા હતા.

ભણવામાં ખૂબ તેજસ્વી આ સૉફ્ટવેર એન્જિનિયરે કાનપુરની આઈઆઈટીમાંથી ૧૯૬૯માં ઈલેક્ટ્રિકલ એન્જિનિયરની ઉપાધિ મેળવી અને ત્યાર બાદ અમદાવાદની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ (આઈઆઈએમ)માં ચીફ સિસ્ટમ પ્રોગ્રામર તરીકે નોકરી શરૂ કરી. આ નોકરી દરમિયાન જ તેમને વધુ સારા પગાર અને હોદ્દાની ઑફરો ટેલ્કો, ઍરઇન્ડિયા, એચએમટી જેવી માતબર કંપનીઓમાંથી મળવા લાગી. છેલ્લે તેમણે પટણી કૉમ્પ્યુટર્સ સિસ્ટમ યુનોમાં નોકરી કરી. આ નોકરી છોડ્યા બાદ ૧૯૮૧માં તેમણે એક સાહસપૂર્ણ પગલું ભર્યું. રૂા. ૧૦,૦૦૦ જેવી અલ્પ મૂડી વડે તેમણે અન્ય છ એન્જિનિયરો સાથે મળીને ઇન્ફોસિસ કંપનીની પુના ખાતે સ્થાપના કરી. ૧૯૮૧થી ૨૦૦૨ (કુલ ૨૧ વર્ષ) આ કંપનીમાં સીઈઓ તરીકેની તેમની કારકિર્દી દરમિયાન કંપનીએ વૈશ્વિક સ્તરે ખૂબ ઊંચી હરણફાળ ભરી અને આઈટી ઈન્ડસ્ટ્રીમાં શફળતાનાં શિખરો સર કર્યાં.

વ્યક્તિગત રીતે પોતે રૂા. ૨,૫૦૦ કરોડની અંગત મિલકતના માલિક હોવા છતાં ખૂબ સાદાઈભર્યું જીવન જીવતો મૂર્તિ પરિવાર બેંગલોરમાં ફક્ત બે બેડરૂમના કોઈ પણ જાતના ભભકા વગરના ફ્લૅટમાં રહે છે. ઈન્ફોસિસ ટેક્નૉલૉજીસ લિમિટેડનું વર્તમાન માર્કેટ કૅપિટલાઈજેશન રૂા. ૬૦,૦૦૦ કરોડથી વધુ છે. મહાત્મા ગાંધીના ટ્રસ્ટીશિપના વિચારોથી પ્રભાવિત તેમણે તેમની કંપનીમાં Employee Stock Option (ESOP) યોજના દાખલ કરી ૫૦૦ કર્મચારીઓને કંપનીના શૅરહોલ્ડર બનાવ્યા છે. અન્ય સૉફ્ટવેર કંપનીઓની તુલનામાં ઈન્ફોસિસના કર્મચારીઓને ખૂબ જ ઊંચો પગાર અને સુખ-સગવડો આપવામાં આવે છે. હાલમાં તેમની કંપનીના કર્મચારીઓની કુલ સંખ્યા ૮૦૦૦થી અધિક છે.

માર્કેટિંગ સ્ટ્રેટેજી બાબતમાં તેઓ કહે છે : 'માર્કેટમાં ખૂબ હરીફાઈ છે. ગ્રાહકની જરૂરિયાતોને પારખો અને ગ્રાહકની અપેક્ષા કરતાં તેમને વધુ આપો. આમ કરશો તો તમારો ગ્રાહક ક્યારેય બીજે ક્યાંય નહીં જાય.'

ઈન્ફોસિસ ઉપરાંત તેઓ એચએસબીસી, ડીબીએસ બૅંક, યુનીલિવર, આઈસીઆઈસીઆઈ અને એનડીટીવી જેવી વિશ્વવિખ્યાત કંપનીઓને સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે તેમની પ્રવીણતા અને અનુભવનો લાભ આપે છે. વિદેશી વિશ્વવિદ્યાલયો સાથે પણ તેઓ સલાહકાર/માનદ પ્રાધ્યાપક તરીકે સંકળાયેલા રહ્યા છે.

ભારત સરકારે સન ૨૦૦૦માં 'પદ્મશ્રી' અને સન ૨૦૦૮માં 'પદ્મભૂષણ' એવૉર્ડ અર્પણ કરી તેમનું બહુમાન કર્યું હતું. આ ઉપરાંત દેશ-વિદેશની અનેક સંસ્થાઓ દ્વારા આઈટી ઈન્ડસ્ટ્રીના વિકાસ માટે તેમના યોગદાન બદલ તેમને અનેક વખત સન્માનિત કરવામાં આવ્યા છે. આ વિશ્વવિખ્યાત ઉદ્યોગપતિ સાદગીભર્યા જીવન અને ઉચ્ચ વિચાર – 'Simple Living - High Thinking'ના સિદ્ધાંતમાં માને છે.

સન ૨૦૦૨થી ૨૦૧૧ સુધી કંપનીના ચૅરમૅન રહ્યા બાદ નારાયણ મૂર્તિ એ પદ પરથી નિવૃત્ત થઈ આજે ચૅરમૅન ઈમેરિટ્સ તરીકે સેવા આપે છે.

આ મહાન ઉદ્યોગપતિનાં પત્ની સુધા મૂર્તિ પણ સામાજિક કાર્યકર, લેખિકા અને ઉદારદિલ દાતા તરીકે જાણીતાં છે. તેમની સિદ્ધિઓ તથા વિશેષ પરિચય હવે પછીના લેખમાં જાણશું.

*– સંકલન : લલિતકુમાર શાહ*

# જૈન દર્શનમાં રાષ્ટ્રચિંતન

■ ગુણવંત બરવાળિયા

દર્શન સાહિત્યનું પ્રયોજન સ્વને ઓળખવા માટેનું છે. દર્શન સાહિત્યનું કેન્દ્રસ્થાન આત્મા છે. આમ આત્મચિંતન દર્શન સાહિત્યનું હૃદય છે. છતાંય ભારતીય પરંપરાના તમામ દર્શનોએ રાષ્ટ્રધર્મના ચિંતનની અવગણના કરી નથી. રાજ્યકર્તાઓ, સંતો અને ઋષિઓની આજ્ઞામાં રહેતા. એ જ આર્ષદૃષ્ટા પરામર્શિઓએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સંસ્કૃતિનો નિર્દેશ કર્યો.

આત્મલક્ષી જૈન દર્શનમાં કેટલીક જગ્યાએ રાષ્ટ્રચિંતનનો ઉલ્લેખ જોવા મળે છે. આવશ્યક સૂત્રમાં શ્રાવકોને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ ન કરવાની તથા રાજ્યના કરની ચોરી નહિ કરવાની સલાહ આપવામાં આવી છે અને કોઈક સંયોગોમાં ચોરી થઈ ગઈ હોય તો તેનું પ્રાયશ્ચિત્ત કરી ફરી ચોરી ન કરવાના પ્રત્યાખ્યાન લેવાનું જણાવાયું છે. આમ અચૌર્ય વ્રતમાં રાષ્ટ્રધર્મનું ચિંતન અભિપ્રેત છે. વીતરાગી પરમાત્મા સુદેવ છે. નિર્ગ્રંથ સદ્‌ગુરુ છે અને અહિંસાની પ્રરૂપણા કરનાર જ સુધર્મ છે, એમ જૈન ધર્મ માને છે માટે સુદેવ અને સદ્‌ગુરુને જ મસ્તક નમાવી વંદના કરાય, અન્ય કોઈને નહિ. અન્યની અનુમોદના કરવી તે પણ મિથ્યાત્વની પ્રરૂપણા કર્યા બરાબર છે, પરંતુ રાજા જે દેવને માનતા હોય અને રાષ્ટ્ર પર આવેલી આફત, કુદરતી, માનવસર્જિત કે અન્ય રાજ્યો દ્વારા આવેલી આફત, મુશ્કેલી કે કટોકટી દૂર કરવા તે દેવોની પૂજા-અર્ચના કરે. આ પૂજા-પ્રાર્થના અહિંસક વિધિથી કરવામાં આવતી હોય તો આવી જાહેર પ્રાર્થનામાં રાષ્ટ્રહિત માટે શ્રાવકોને અપવાદરૂપે ઉપસ્થિત રહેવાની છૂટ આપવામાં આવી છે. આમ વંદનાસૂત્રમાં રાષ્ટ્રચિંતન અભિપ્રેત છે.

જરૂરિયાતથી વધારે સંપત્તિ કે વસ્તુઓનો પરિગ્રહ ન કરવાનું અપરિગ્રહ વ્રતમાં જણાવાયું છે. આ વ્રતનું પાલન સંગ્રહખોરી, નફાખોરી અને કૃત્રિમ અછતની પરિસ્થિતિને ટાળશે જે રાષ્ટ્રહિતમાં છે. વધારાની સંપત્તિનું દાન દ્વારા વિસર્જન કરવાનું અપરિગ્રહ વ્રતમાં જણાવાયું છે. વધુ ભેગું કરી લેવાથી અમર્યાદ ભોગ-ઉપભોગ નિવારવા માટે અપરિગ્રહ સાથે ભોગ-ઉપભોગ પરિમાણની વાત કહી છે તે ઉપભોક્તાવાદથી માનવજાતને ઉપયોગની સંસ્કૃતિ તરફ લઈ જશે. આમ અપરિગ્રહ વ્રત રાષ્ટ્રના સમાજવાદના આદર્શને ચરિતાર્થ કરવામાં સહાયક બને છે. અશાંતિ દૂર કરી શાંતિ સ્થાપવા અહિંસા રામબાણ ઈલાજ છે. બીજાના મત અને વિચારને ગણતરીમાં લેવાની વાત અનેકાંતમાં છે. તેના દ્વારા આંતરિક અને આંતરરાષ્ટ્રીય સંવાદિતા-સુમેળ સ્થપાશે. સ્થાનાંગ સૂત્રના ૧૦મા અધ્યયનની ૧૨૭મી ગાથામાં ૧૦ પ્રકારના ધર્મમાં રાષ્ટ્રધર્મનો ઉલ્લેખ છે.

दंस विहे धम्म पण्णते तं जहां, गाम धम्म णगरधम्म रठ्ठधम्म
पासड धम्म, कुलधम्म संघ धम्मे, चरित धम्मे ऊत्थिकाय धम्मे।

ગ્રામધર્મ, નગરધર્મ, રાષ્ટ્રધર્મ, અન્યધર્મ, કુલધર્મ, ગણધર્મ, સંઘધર્મ, શ્રુતધર્મ, ચારિત્રધર્મ અને અસ્તિકાય ધર્મ એમ દશ પ્રકારના ધર્મ બતાવેલ છે.

મુનિ શ્રી સંતબાલજી કહે છે કે, આ લોકધર્મો માનવજીવનની દસ સંજ્ઞાનું સંસ્કરણ કરે છે. સતત કર્મબંધનને કારણે જીવાત્મામાં વિવિધ મનોવૃત્તિઓ જન્મે છે તેને જૈન પરિભાષામાં 'સંજ્ઞા' કહે છે.

સંજ્ઞા એટલે વૃત્તિ, સંજ્ઞા એટલે મૂર્ચ્છા, સંજ્ઞા એટલે આસક્તિ. આધુનિક મનોવિજ્ઞાન જેને સહજ, સ્વાભાવિક મનોવૃત્તિઓના નામે ઓળખે છે તેને જૈન દર્શને સંજ્ઞાનું નામ આપ્યું છે. દસ લોકધર્મ દ્વારા આ સંજ્ઞાનું સંસ્કરણ થાય તો રાષ્ટ્રના લોકોની નીતિમત્તાનું ધોરણ ઊંચું જશે. માનવી સાથે જન્મ-જન્માંતરથી મૈથુન સંજ્ઞા જોડાયેલી છે. કુલધર્મ દ્વારા આ સંજ્ઞાને નિયંત્રણમાં રાખી શકાય છે. કુલધર્મ દ્વારા નર-નારીના વિવિધ પ્રકારના નિર્દોષ સંબંધો દ્વારા સંસ્કારાય છે. કુલધર્મની લગ્નસંસ્થા સંજ્ઞાના સંસ્કરણનું કાર્ય કરે છે.

આહાર સંજ્ઞા-ગ્રામધર્મમાં જગતાત બનવાની પારિવારિક ભાવનાથી અન્નવસ્ત્રાદિના સંવિભાગથી સંસ્કારાય છે. મળ્યું છે તો બધું એકલું આરોગી જવું (આહાર કરી લેવો) તેવું નહિ, બીજાને પણ ભાગ આપવો-પેટભરા ન થવું. અન્નદાન ગ્રામધર્મની ભાવનાને વિકસિત કરશે. ગ્રામધર્મ આહાર સંજ્ઞાનું સંસ્કરણ કરશે. ભય સંજ્ઞાને નગરધર્મના કાનૂન-કર્તવ્યપાલન નિયમોથી સુવ્યવસ્થિત કરી સંસ્કરાય છે. પરિગ્રહ સંજ્ઞા, જરૂર કરતાં વધારાનો સંગ્રહ ન કરવો, દાન દ્વારા પરિગ્રહ વિસર્જન કરી અપરિગ્રહ વ્રતપાલનથી સંસ્કારાય છે. અહીં ન્યાયસંપન્ન વૈભવ અને સાધનશુદ્ધિની પવિત્ર ભાવના અભિપ્રેત છે.

રાષ્ટ્રના લોકો અવૈચારિક દશામાં કોઈનાથી દોરવાઈ ગાડરિયા પ્રવાહ જેમ ચાલે તેને ઓઘ સંજ્ઞા કહે છે. આ ઓઘ સંજ્ઞાને સંસ્કારવાનું કામ સંતો અને લોકશિક્ષકોનું છે. નાત-જાત, ભાષા, પ્રાંત કે પ્રદેશના ભેદથી મુક્ત સદ્‌ભાવ અને સૌજન્યનો સંગમ અને સમવાય કરતાં રાષ્ટ્રધર્મથી સંસ્કારિતા કરાય છે. આનાથી અન્ય ધર્મ પ્રત્યે પૂર્વગ્રહ અને ધર્મઝનૂન ઘટશે. લોક સંજ્ઞા એટલે પરંપરાને જડતાથી પકડવી, રૂઢિ, કુરિવાજને પોષવા, 'લોકો કરે છે માટે કરવું'. આ લોક સંજ્ઞાને લોક ઉદ્યોત કરનારના ને ક્રાંત સંતોના માર્ગદર્શને ચાલનારી સંઘની સામુદાયિક જીવનસાધનાથી સંસ્કારાય છે.

ક્રોધ, વેર, ઝેર, ઈર્ષાની સંજ્ઞા, સૂત્રધર્મના પાલન અને શ્રુત ભક્તિથી એટલે સમ્યક્‌જ્ઞાનની સાધના કરવાથી સંસ્કારાય છે.

માન, મદ અને અભિમાનની સંજ્ઞા, વ્રત સંકલ્પની અર્પણતા શીખવતા, વ્રત-ધર્મ અને વિનયથી સંસ્કારાય છે.

દંભ, દર્પ, કપટ અને માયાની સંજ્ઞા સત્‌ ચારિત્ર્ય અને શીલધર્મના પાલનથી સંસ્કારાય છે. તૃષ્ણા અને લોભની સંજ્ઞા 'જીવન આત્મધર્મ' છે. તે શીખવતા ત્યાગભાવના અને સંતોષ દ્વારા સંસ્કારાય છે. આમ કુળ, ગ્રામ, નગર, ગણ, રાષ્ટ્ર, સંઘ, સૂત્ર, વ્રત, ચારિત્ર, આત્મધર્મ, તેના નાયકો, સંસ્થા અને સંગઠન દ્વારા સંજ્ઞા સંસ્કારની સંસ્કૃતિ નિર્મિત થાય છે. જો રાષ્ટ્રના નાગરિકોની આ દસ સંજ્ઞાથી સંસ્કારિતા થાય તો રાષ્ટ્રના નાગરિકો ચારિત્ર્યવાન, ઓજસ્વી અને તેજસ્વી બને. જિનાગમમાં વર્ણવેલા આ દર્શ ધર્મ દ્વારા માનવીમાં રહેલી દરેક સંજ્ઞાનું સંસ્કરણ કરવામાં આવે, તો કુટુંબ અને રાષ્ટ્રનું હિત તો થાય જ, પરંતુ માનવીનું આત્મોત્થાન પણ જરૂર થાય.

ગુજરાતના એક અગ્રણી સમાજસુધારક શ્રી મહિપતરામ રૂપરામ એમ માનતા હતા કે જૈન ધર્મથી ભારતવર્ષની અધોગતિ થઈ છે.

એકવાર શ્રીમદ્ રાજચંદ્રજી સાથે એમનો મેળાપ થયો.

શ્રીમદ્જીએ પૂછ્યું, ભાઈ જૈન ધર્મ – અહિંસા, સત્ય, સંપ, દયા, સર્વ પ્રાણીહિત, પરમાર્થ, પરોપકાર, ન્યાય નીતિ, આરોગ્યપ્રદ, આહારપાન, નિર્વ્યસનતા, ઉદ્યમ આદિનો બોધ કરે છે ?

મહિપતરામ કહે 'હા'.

શ્રીમદ્જી કહે – કહો દેશની અધોગતિ શાથી થાત ? અહિંસા, સત્ય, સંપ, દયા, પરોપકાર, પરમાર્થ, સર્વ પ્રાણીહિત, ન્યાય, નીતિ, આરોગ્ય આપે અને રક્ષે એવા શુદ્ધ સાદા આહારપાન, નિર્વ્યસનતા, ઉદ્યમ આદિથી કે તેથી વિપરીત એવા હિંસા, અસત્ય, કુસંપ, ક્રૂરતા, સ્વાર્થપટુતા, છળકપટ, અન્યાય, અનીતિ, આરોગ્ય બગાડે અને શરીર અને મનને અશક્ત કરે એવા વિરુદ્ધ આહાર-વિહાર, વ્યસન, મોજશોખ, આળસ પ્રમાદ આદિથી ?

મહિપતરામ – 'બીજાથી અર્થાત્ વિપરીત એવા હિંસા, અસત્ય, કુસંપ, પ્રમાદ આદિથી.'

શ્રીમદ્જી – 'ત્યારે દેશની ઉન્નતિ એ બીજાથી ઊલટા એવા અહિંસા, સત્ય, સંપ, નિર્વ્યસનતા, ઉદ્યમ આદિથી થાય.'

મહિપતરામ – 'હા'.

શ્રીમદ્જી – ''ત્યારે જૈન ધર્મ દેશની અધોગતિ થાય એવો બોધ કરે છે કે ઉન્નતિ થાય એવો ?''

મહિપતરાય કહે – ભાઈ હું કબૂલ કરું છું કે 'જૈન ધર્મ' દેશની ઉન્નતિ થાય તેવી સાધનાનો બોધ કરે છે. આવી સૂક્ષ્મતાનો વિવેકપૂર્વક મેં કદી વિચાર કર્યો ન હતો. નાનપણમાં વિદેશીઓથી ચાલતી શાળામાં શીખતા સંસ્કાર થયેલા, તેથી વિચાર્યા વગર પૂર્વગ્રહે લખી માર્યું. નિર્વ્યસની થઈ સદાચારી અને વ્રતી જીવન જીવવાની મહાત્મા ગાંધીજી, સંત વિનોબાજી અને અનેક રાષ્ટ્રસંતોએ શીખ આપી છે તે મૂલ્યોનું જતન અને સંવર્ધન શ્રમણ પરંપરા યુગોથી કરતી આવી છે. ગુલામ દશામાંથી મુક્ત કરી ચંદનબાળાને દીક્ષા આપી. ભગવાન મહાવીરે દાસીપ્રથાને તિલાંજલિ આપવા, શુદ્ર જાતિમાં જન્મેલા હરિકેશીને દીક્ષિત કરી જાતિ નહીં, પણ કર્મ અને જ્ઞાનને પ્રતિષ્ઠા આપવા અંગુલીનિર્દેશ કર્યો. રાષ્ટ્રમાં નારીગૌરવને ઉજાગર કરવાનું શ્રેય જૈન ધર્મને ફાળે જાય છે. જ્યારે જ્યારે ગ્રામ, નગર અને રાષ્ટ્રમાં આપત્તિ આવી ત્યારે તે આપત્તિ મિટાવવા હેમચંદ્રાચાર્ય, હિરવિજયસૂરી જેવા અનેક પ્રબુદ્ધ કરુણાના કરનારા જૈનાચાર્યોએ લબ્ધિપ્રયોગ કરી રાષ્ટ્રની પ્રજાની આપત્તિ દૂર કરવાનો સમ્યક્ પુરુષાર્થ કર્યો. ભદ્રબાહુસ્વામીજી રચિત ઉવસગ્ગહરં સ્તોત્રના જય ધ્વનિના પ્રભાવે રાજ્યમાંથી મરકી જેવો રોગ દૂર થયો હતો. ચારિત્ર્યપાલન અને સાધનાના પરિપાકરૂપે પ્રાપ્ત થયેલી આ લબ્ધિનો પ્રયોગ સંતો સ્વાર્થ, સ્વસુખ-સગવડ, પ્રસિદ્ધિ કે ચમત્કાર માટે કદી કરતા નથી. સંઘ કે રાષ્ટ્ર પર આવેલી આપત્તિ નિવારવા છેલ્લા શસ્ત્રરૂપે જ કરે છે આ દ્વારા સંતોના લબ્ધિપ્રયોગનું દિશાદર્શન થાય છે. રાજ્ય અને કેન્દ્રીય કરવેરા ભરવામાં જૈનો અગ્રેસર છે. જૈનોના અપરિગ્રહ અને ત્યાગભાવનાનો સિદ્ધાંત ભારતીય સંસ્કૃતિની દાનભાવનાને પુષ્ટ કરે છે જેથી દેશની કેટલીય સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક તબીબી (મેડિકલ) સંસ્થાઓમાં જૈનોનું મોટું યોગદાન છે. હૉસ્પિટલ્સ, સ્કૂલો, ટાઉન હૉલ, ધર્મશાળા વગેરેની સ્થાપના કરવામાં જૈનોએ પોતાના દાનનો પ્રવાહ સતત વહાવ્યો છે. પ્રાંત, ભાષા અને ધર્મના ભેદભાવ વિના સમગ્ર દેશમાં દરેક ક્ષેત્રમાં જૈનોની મોટી સખાવતો છે.

સહઅસ્તિત્વનો સિદ્ધાંત જૈન ધર્મનો પાયો છે. 'જીવો અને જીવવા દો'. અહિંસા, કરુણા અને દયાનો ધર્મના અવિભાજ્ય અંગરૂપે સ્વીકાર થયો છે. જૈન ધર્મમાં ગાયો અને ગૌવંશની જાળવણીને પ્રથમથી જ મહત્ત્વ અપાયું છે. ભગવાન મહાવીરના શ્રાવકો આનંદ, કામદેવ, ચૂલની પિતા, ચૂલણી શતક, કુંડ કૌલિક, સુરાદેવ, મહાશતક વગેરે પાસે મોટી સંખ્યામાં ગોકુલો હતા. ગૌરક્ષા માટે અનેક જૈનધર્મી રાજાઓ, નગરશેઠ અને અનેક જૈનાચાર્યોનું યોગદાન ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત છે. શાકાહારની તરફેણ કરતો જૈન ધર્મ રાષ્ટ્રના પશુધનનાં રક્ષણ અને સંવર્ધનમાં સતત સહાયક બને છે. મોટા ભાગની જીવદયા સંસ્થાઓ, પાંજરાપોળ કે ગૌશાળા જૈનોના આર્થિક અનુદાનથી નભે છે. ઉપભોગ-પરિભોગના પરિમાણ વ્રતમાં સંયમ અને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવો પ્રત્યેની કરુણાનો ભાવ અભિપ્રેત છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના બેફામ ઉપયોગ સામે વિવેકપૂર્વક સંયમિત ઉપયોગ કરવા જણાવ્યું છે. શાકાહાર અને અહિંસા રાષ્ટ્રનાં પર્યાવરણ સંતુલન, પોષક પરિબળો છે. જ્યારે જ્યારે દેશ પર રાષ્ટ્રીય આપત્તિ કે આફત આવે, સાર્વભૌમત્વ અને સંરક્ષણનો પ્રશ્ન, ધરતીકંપ, પૂર, દુષ્કાળ (અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ) કે વાવાઝોડું જેવી કુદરતી આફતો વખતે દેશ અને વિદેશમાં વસતા જૈનો અને જૈનોની સંસ્થાઓનું ઉત્કૃષ્ટ યોગદાન હોય છે.

જૈન ધર્મનો ક્ષમા અને અહિંસાનો સિદ્ધાંત કાયરતા નહિં, પણ વીરતાની પુષ્ટિ કરે છે. શત્રુના આક્રમણ સમયે દેશને, નગરને, પરિવારને, કુટુંબને કે પોતાની જાતને બચાવવા માટે અન્યાયનો પ્રતિકાર કરવા માટે, આઝાદીની સુરક્ષા કે રાષ્ટ્રની શાંતિ માટે જે યુદ્ધ કરવામાં આવે છે તે વિરોધી હિંસા છે. તે પ્રત્યાક્રમણ હિંસા અર્થાત્ આક્રમણનો વળતો જવાબ. સુરક્ષાના બચાવરૂપે જે હિંસા આચરવામાં આવે છે તે વિરોધી હિંસા છે. હિંસા સંકલ્પી, સ્વાર્થયુક્ત ન હોવી જોઈએ. વળી એ ક્ષણે કષાયના ભાવો ન હોવા જોઈએ, વિરોધી હિંસાનું લક્ષ રક્ષા બચાવના ભાગરૂપ, નૈતિક કે રાષ્ટ્રીય ફરજના ભાગરૂપ, અંતિમ સાધનરૂપ, દ્વેષ કે મનના વેરભાવ રહિત જ હોય છે. રાષ્ટ્રચિંતનમાં રાષ્ટ્રના સાર્વભૌમત્વની રક્ષા, સંસ્કૃતિની રક્ષા, જળ, જમીન, જંગલોની રક્ષા, ગૌરક્ષા, પશુરક્ષા, સાંસ્કૃતિક પરંપરાની વિવેકપૂર્ણ રક્ષા, તીર્થસ્થાનો, મંદિરો, મૂર્તિઓ, શિલ્પ, જ્ઞાન ભંડારો, પ્રાચીન તાડપત્રીય કે હસ્તપત્રોની રક્ષા, આત્મધર્મ અને સદાચારી જીવનનો માર્ગ બતાવનાર સાધુ-સંત-સતીઓ, સદ્ગુરુની રક્ષા, રાષ્ટ્રચિંતનમાં અભિપ્રેત છે.

ભારતની તમામ દાર્શનિક પરંપરામાં રાષ્ટ્રચિંતનનું નિરૂપણ થયેલું છે, જેનું વિવેકપૂર્ણ આચરણ જ સાચી રાષ્ટ્રભક્તિ છે.

# રમતગમત



જૈન સમાજના ટેલન્ટેડ યુવા-યુવતીના ઉચ્ચ અભ્યાસ માટેના અભિયાનમાં જ્વલંત સિદ્ધિ મેળવ્યા બાદ જેજેસીએ હવે યુવાનોને બીજી ફેકલ્ટી – SPORTS - રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહન આપવાનું અભિયાન શરૂ કર્યું છે. હાયર એજ્યુકેશન અભિયાનની જેમ જ આ અભિયાન પાછળ પણ શ્રી ધર્મેશ જૈનનો પ્રભાવ છે. જેજેસી દ્વારા Inter Centre Cricket Tournamentની જ્વલંત સફળતા બાદ હવે આવે છે Billiard-Snooker ક્ષેત્રે પદાર્પણ.

Business, Industries, Social Projects ક્ષેત્રે નામના કાઢનાર જૈનો રમતગમત ક્ષેત્રથી અલિપ્ત રહ્યા છે, પણ હાલમાં જ એક જૈન યુવક – મનીષ જૈન બિલિયાર્ડ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય લેવલે ઊભરતો સિતારો બની ગયો છે. જેજેસીએ Sports Encouragement અભિયાનના ભાગરૂપે મનીષ જૈનને પ્રેરણાત્મક સપોર્ટ આપ્યો છે. આજે મનીષ એક પછી સિદ્ધિ મેળવતો જાય છે.

તાજેતરમાં તેણે આ ક્ષેત્રે Upset સર્જ્યો. આપણે જાણીએ તેના વિશે થોડુંક વિગતમાં.

### મનીષ જૈન

કોલકાતાથી B.Com(Hon) ગ્રેજ્યુએટ થનાર મનીષે ૨૦૧૦માં Indian Railwayમાં Sports Talent Quotaમાં Employment લીધું છે.

તે મૂળ રાજસ્થાની (મારવાડી) જૈન છે.

### ૨૦૧૨ની સિદ્ધિ

1) Natiional Senior Billiards Championship Pune 2012 - Rankes 9th in India.
2) National Senior Snooker Championship Pune 2012 - Group Stage.
3) H. K. Jafri Red Snooker, Lucknow 2012, Quarter Finalist
4) Snooker Championship, Erode Ranked 3rd in India.
5) Open Islam Gymkhana Snooker Championship-Ranked 3rd.

અને ૨૦૧૨માં Upset સર્જ્યો. વર્લ્ડ ચેમ્પિયન ગીત શેઠીને પરાજય આપ્યો. વર્ષ ૨૦૧૨માં રમાનારી પ્રાયોજિત ૧૩ જેટલી ટુર્નામેન્ટમાં મનીષ ભારતનું અને જેજેસીનું નામ રોશન કરે તેવી શુભેચ્છા.

જૈન જાગૃતિ સેન્ટર દ્વારા અપાયેલા પ્રોત્સાહન બદલ મનીષ જૈનની શું પ્રતિક્રિયા છે?

★★★★★

To
The Chairman
Jain Jagruti Centre Central Board Charitable Trust
Mumbai
Dated 26-04-2012

Dear Sir,

I want to thank you from the bottom of my heart for giving me an opportunity to represent India in One of the biggest tournaments of the World, which I could have never done without your immense support, which has brought in great belief in me, that nothing can stop me from performing in the future. It was an Honour for me to have your LOGO of Jain Jagruti Centre under the Indian flag on my waist coat. Now hereby I request you to kindly give me your full support so that your LOGO stays on my waist Coat forever for playing the sport and achieving the best results all over the world under the association of Jain Jagruti Centre and taking Jain Community to Great Heights. Every Player or the most talented Sportsman has taken a minimum of five years to achieve the best of results in each sport and thereby I request you to support me with a sponsorship for a minimum of three to five years so that I can focus on the game rather than other financial issues which come between struggler and a winner. As you know it is a difficult to play any other sport in India where the major attraction of sports goes to Cricket. I pray that with your good wishes I shall fulfill all the promises made and expected from me.

Thanking you

Yours Faithfully
Manish Jain
Billiards & Snooker Player

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

લગ્નઈચ્છુક યુવક-યુવતીઓની યાદીમાં છપાવવા માટે નામ મોકલનાર વડીલોને ખાસ વિનંતી કે BIO-DATAમાં મોકલનારનું નામ, સહી તેમ જ ફોન નંબર/મોબાઈલ નંબર સ્વચ્છ અક્ષરમાં મોકલે. જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડની ઑફિસ દ્વારા તેઓનો સંપર્ક ટેલિફોન દ્વારા થયા બાદ જ તેમની વિગત ''જાગૃતિ સંદેશ''માં છાપવામાં આવશે. BIO-DATA મોડામાં મોડા દરેક મહિનાની ૩૦ તારીખ સુધીમાં ઑફિસમાં મળી જવો જોઈએ. મોડી Entry ત્યાર પછીના અંકમાં છાપવામાં આવશે.

## યુવતી

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | ભૂમિકા સુધીરચંદ્ર શાહ, ૨૦-૧-૧૯૮૫, ૫'-૩''<br>M.Com., C.A., – સર્વિસ | દેરાવાસી જૈન<br>ભરૂચ – અંધેરી (વે) | (ઘર) ૨૬૭૭૬૨૭૫<br>(મો) ૯૮૭૦૦૮૦૨૮૯ |
| ૨) | દિશા ભરતકુમાર શાહ, ૫-૩-૧૯૮૪, ૫'-૧''<br>M.Com., – બિઝનેસ – બ્રાઈડલ મેંદી / મેકઅપ | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>સુરત – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૩) | જિજ્ઞા પ્રફુલ્લભાઈ શાહ, ૯-૧-૧૯૮૧, ૫'-૨''<br>B.Com., C.S. Inter, – | દ. શ્રી. ઝાલા. સ્થા. જૈન<br>ચોટીલા – વસઈ | (ઘર) ૦૨૫૦-૩૦૫૯૧૯૫<br>(મો) ૯૦૨૨૦૪૭૨૫૭ |
| ૪) | જલ્પા જયકાંતભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫, ૫'-૩''<br>B.Com. (Hons.), – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે) | ઘોઘા. વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૨૮૭૫૭૫૩૫<br>(મો) ૯૩૨૩૩૩૪૩૦૭ |
| ૫) | જલ્પા શૈલેશભાઈ ગોસલિયા, ૧૭-૬-૧૯૮૪ ૫'-૦''<br>B.E. Computer, – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગઢડા – બોરીવલી (વે) | (ઘર) ૨૮૯૨૩૫૯૯<br>(મો) ૯૯૨૦૯૪૧૩૯૮ |
| ૬) | મીના વિનયકાંતભાઈ શાહ, ૧૮-૧૧-૧૯૭૩, ૫'-૩''<br>B.A., E.C.C.E., – (છૂટાછેડા – ૭ વર્ષની દીકરી છે) | ઝાલાવાડી જૈન<br>થાનગઢ – ચોપાટી | (ઘર) ૨૩૬૯૧૪૦૭<br>(મો) ૯૮૨૦૨૧૮૮૫૬ |
| ૭) | મેઘા રાજેન્દ્રકુમાર શાહ, ૭-૬-૧૯૮૪, ૫'-૨''<br>B.M.S., M.B.A., – Kotak Mahindra Bankમાં સર્વિસ | વીજા. વીસા ઓ. જૈન<br>વીજાપુર – સાંતાક્રુઝ (વે) | (ઘર) ૨૬૬૦૫૧૦૪<br>(મો) ૯૩૨૨૨૨૭૫૭૧ |
| ૮) | નિકીતા હરીશભાઈ દોશી, ૨૪-૯-૧૯૮૨, ૫'-૨''<br>S.S.C., Grafic Designing, Fashion Designing, | ઘો. વીસા શ્રીમાળી જૈન<br>દાઠા – ચેંબુર | (ઘર) ૨૫૨૨૯૫૧૦<br>(મો) ૯૮૯૨૩૯૮૭૬૦ |
| ૯) | પાયલ વિજયભાઈ ઝવેરી, ૧૭-૪-૧૯૮૧, ૫'-૪''<br>B.Com., M.B.A., INIFD Pre for USA, – (ઘર-૨૪૯૮૫૭૮૭) | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>પાટણ – વરલી (મુંબઈ) | (ઑ) ૨૪૯૮૫૭૮૭<br>(મો) ૯૮૯૨૯૬૬૭૭૯ |
| ૧૦) | પ્રિયા હર્ષદભાઈ શાહ, ૩-૧૨-૧૯૮૮, ૫'-૨''<br>B.Com., – સર્વિસ | દેરાવાસી જૈન<br>સોજિત્રા – અંધેરી | (ઘર) ૩૨૯૬૫૨૮૦<br>(મો) ૯૮૨૧૯૮૭૧૪૫ |
| ૧૧) | શ્રદ્ધા પ્રફુલ્લચંદ્ર કામદાર, ૧૩-૮-૧૯૮૪, ૫'-૩''<br>BHMS, – સર્વિસ (છૂટાછેડાની કાર્યવાહી ચાલુ છે-નિઃસંતાન) | દ. શ્રી. કા. દિગ. જૈન<br>સાવરકુંડલા – બોરીવલી | (ઘર) ૨૮૯૯૪૧૬૧<br>(મો) ૯૯૮૭૮૬૧૦૩૨ |
| ૧૨) | ટ્વિંકલ ભરતભાઈ શાહ, ૧૩-૯-૧૯૮૫, ૫'-૩''<br>C.A., – સર્વિસ | ઘોઘારી વીસા ઓસ. જૈન<br>સિહોર – બોરીવલી (વે) | (ઘર) ૨૨૯૩૦૯૫૨<br>(મો) ૯૩૨૩૧૨૧૫૬૩ |
| ૧૩) | વિધિ અમિતભાઈ શાહ, ૧૨-૩-૧૯૮૯,<br>B.M.M., – | — | —<br>(મો) ૯૯૩૦૮૪૦૪૪૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૪) | દિશા સુમંતલાલ શાહ, ૧-૬-૧૯૮૬, ૫'-૬''<br>M.Com., C.A., – PWC મુંબઈમાં સર્વિસ | શ્વે. મૂ. પૂ. દેરા. જૈન<br>વડોદરા – નવી મુંબઈ | —<br>(મો) ૯૮૨૧૧૬૪૩૦૧ |
| ૧૫) | દીપ્તિ ભૂપતરાય ઠોસાણી, ૨૯-૫-૧૯૮૧, ૫'-૨''<br>B.Com.+Compute Telly Pursuing MBA, – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાવરકુંડલા – મલાડ | (ઘર) ૨૮૮૩૦૩૦૮૨૭/૨૧૧૪<br>(મો) ૯૬૧૯૭૦૭૪૯૪ |
| ૧૬) | સપના પ્રવીણભાઈ દોશી (૧૭-૧૧-૧૯૮૫) ૫'-૨''<br>M.Com., – સર્વિસ (વોડાફોન લિ.) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>મોરબી – ઘાટકોપર | (ઘર) ૨૫૦૧૧૬૧૬<br>(મો) ૯૮૨૧૩૦૯૬૩૨ |
| ૨) | દીપાલી બીપિનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૧૯૭૬, ૫'<br>S.S.C., – એક્યુપ્રેસરની ટ્રીટમેન્ટ આપે છે (હળવો મંગળ છે) | શ્રી સુ. વી. ઓ. દે. જૈન<br>સુરત – અંધેરી | (મો) ૯૭૬૯૦૫૮૭૧૫<br>— |
| ૧૨) | નેહા શરતચંદ્ર શાહ, ૨૦-૧૦-૧૯૭૪, ૫'-૭''<br>B.Com., – ૭ ધોરણ સુધી ટ્યુશન (ઇંગ્લિશ મીડિયમ) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>માંગરોળ – સુરત | (ઘર) ૦૨૬૧-૨૫૩૪૨૯૫<br>(મો) ૦૯૦૯૯૭૧૭૩૫૦ |
| ૯) | લોપા નગીનભાઈ શાહ, ૧૨-૧૨-૧૯૭૮, ૫'-૧''<br>Dip. in Electronic Engineer, – સર્વિસ | વીસા શ્રી. ઝા. સ્થા. જૈન<br>રોજકા – અંધેરી (ઈસ્ટ) | (ઘર) ૨૮૩૯૨૬૬૯<br>(મો) ૯૮૨૦૪૮૦૮૨૧ |

## યુવક

| | | | |
|---|---|---|---|
| ૧) | હાર્દિક હર્ષદભાઈ શાહ, ૭-૮-૧૯૮૩, ૫'-૬''<br>M.Com. N.CFM & BSE Exams Cleared, – સર્વિસ | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>કોંધ (ધ્રાંગધ્રા)-ઘાટકોપર | (ઘર) ૨૫૦૧૦૩૬૦<br>(મો) ૭૪૯૮૧૬૬૬૫૮ |
| ૨) | અમિત નરેશભાઈ શાહ, ૧૦-૧૧-૧૯૮૧, ૫'-૮''<br>B.Com., – સર્વિસ (મો: ૦૯૦૨૯૫૫૦૨૫૩) | વી. ઓ. શ્રી દે. મૂ.પૂ. જૈન<br>પાલનપુર – બોરીવલી (વે) | (મો) ૦૮૮૨૮૧૨૧૧૬૯<br>૯૩૨૦૮૭૪૯૧૧ |
| ૩) | ચિંતન જયંતભાઈ શેઠ, ૧૯-૧૨-૧૯૮૫, ૬'-૦''<br>B.E.Civil, M.S.(Stru.), M.S.(Const Mgmt-USA) – બિઝનેસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાયલા – ઘાટકોપર | (ઘર) ૨૫૧૬૬૯૭૩<br>(મો) ૯૮૧૯૮૫૩૩૬૧ |
| ૪) | ચિંતન રજનીકાંત અજમેરા, ૨-૪-૧૯૮૪, ૫'-૫''<br>B.Com., – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વિંછિયા – મુલુંડ (વે) | (ઘર) ૨૧૬૪૪૭૪૨<br>(મો) ૯૮૩૩૪૫૬૭૪૪ |
| ૫) | દેવેશ ભૂપેન્દ્રભાઈ શાહ, ૧૯-૧૧-૧૯૮૦, ૫'-૯''<br>S.S.C., – બિઝનેસ | ઝાલાવાડી જૈન<br>પાણીસણા – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૦૦૨૯<br>(ઑ) ૨૩૪૨૯૦૪૪ |
| ૬) | ગૌરવ દિલીપભાઈ શાહ, ૨૫-૧૧-૧૯૮૨, ૫'-૪''<br>Dip. in Chemical Technology – સર્વિસ | દશા પોરવાળ દેરા. જૈન<br>મહેસાણા – સાંતાક્રુઝ | (ઘર) ૨૬૧૪૬૯૧૬<br>(મો) ૯૮૯૨૦૪૬૩૩૩ |
| ૭) | હિમાન્શુ નવીનચંદ્ર શાહ, ૫-૬-૧૯૭૩, ૫'-૬''<br>S.Y.J.C., – સર્વિસ (મંગળ છે) | વીસા ઓસવાલ જૈન<br>વડનગર – વિલે પાર્લે | (મો) ૯૮૩૩૩૯૫૬૦૪<br>— |
| ૮) | હાર્દિક પ્રફુલ્લચંદ્ર કામદાર, ૨૫-૩-૧૯૮૩, ૫'-૮''<br>I.T. Engineer – સર્વિસ | દશા શ્રીમાળી દિગંબર જૈન<br>સાવરકુંડલા – બોરીવલી | (ઘર) ૨૮૯૯૪૧૬૧<br>(ઑ) ૨૮૩૪૨૪૩૦ |
| ૯) | હેમંત નવીનચંદ્ર કામાણી, ૧૩-૭-૧૯૮૦, ૫'-૭''<br>F.Y.J.C., – સર્વિસ (નિર્દોષ છૂટાછેડા-નિઃસંતાન) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>રાજકોટ – થાણે | (ઘર) ૨૬૭૯૦૧૫૧<br>(મો) ૯૮૨૦૭૮૩૮૭૮ |

| | | | |
|---|---|---|---|
| ૧૦) | જેનીલ હેમંતભાઈ શાહ, ૧૪-૯-૧૯૮૬, ૫'-૮''<br>M.Com., M.B.A. (Persuing) – બિઝનેસ | જામનગર વીસા ઓ. જૈન<br>હાલ સાંતાક્રુઝ (વે.) | (ઘર) ૨૬૧૨૫૩૪૭<br>(મો) ૯૮૨૦૬૬૨૫૩૪ |
| ૧૧) | કેયુર સુરેશચંદ્ર દેસાઈ, ૧૬-૮-૧૯૮૨, ૫'-૯''<br>CFA, FRM, GARP, US, – સર્વિસ | દશા શ્રીમાળી વૈ. વણિક<br>બરવાળા – બોરીવલી | (ઘર) ૨૮૯૪૧૨૧૦<br>(મો) ૯૮૩૩૩૧૮૭૭૭ |
| ૧૨) | મનીષ મનસુખલાલ ચંદરિયા, ૨-૧-૧૯૭૭, ૫'-૮''<br>B.Com., Computer – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે) | હા. વી. ઓ. જૈન-જામનગર<br>રાવલસર – ભિવંડી | (ઘર) ૦૨૫૨૨૨૨૩૧૬૩<br>— |
| ૧૩) | નિખિલ દેઓદાસ શાહ, ૧-૬-૧૯૭૯, ૫'-૮''<br>BE (EXTC) – સર્વિસ | વીસા શ્રીમાળી સ્થા. જૈન<br>વઢવાણ સિટી – ઘાટકોપર | (ઘર) ૨૫૧૨૦૪૧૨<br>(મો) ૯૮૨૦૭૪૩૮૮૪ |
| ૧૪) | પુનિત હરગોવિંદ પારેખ, ૧૪-૧૨-૧૯૮૭, ૫'-૪''<br>S.S.C. Fail, – | ઘોઘારી દશા દિશાવળ<br>ઘોઘા – ભાવનગર | —<br>(મો) ૦૮૦૨૭૧૨૪૯૫૦ |
| ૧૫) | પીયૂષ પ્રેમચંદ શાહ, ૨-૧-૧૯૭૮, ૫'-૪''<br>C.A.,– સર્વિસ (સગપણ તૂટેલ છે-શનિ છે) મો. ૯૮૨૦૮૫૯૦૩૯ | હા. વી. ઓ. જૈન-જામનગર<br>તરઘરી દેવરિયા-અંધેરી | (ઘર) ૨૬૮૩૯૯૮૧<br>(ઑ) ૨૮૨૧૪૬૬૯ |
| ૧૬) | પ્રતીક કિરીટભાઈ શાહ, ૨૪-૧૨-૧૯૮૬, ૫'-૧૧''<br>B.Sc., M.B.A. in Pharmaceutical Marketing – સર્વિસ | દશા શ્રીમાળી દેરા. જૈન<br>મણુંદ – અંધેરી | (ઘર) ૨૬૭૩૫૫૪૦<br>(મો) ૯૭૭૩૬૯૩૬૦૯ |
| ૧૭) | પ્રતીક મહેન્દ્રકુમાર શાહ, ૨૯-૧૧-૧૯૮૩, ૫'-૭''<br>BE, MS (IT), MBA-USA – બિઝનેસ + સર્વિસ | વીસા પોરવાલ દેરા. જૈન<br>બારડોલી – મુંબઈ | (ઘર) ૨૨૪૨૦૩૨૦<br>(મો) ૯૮૩૩૭૯૯૬૮૮ |
| ૧૯) | સચીન કીર્તિકાંત શાહ, ૨૦-૭-૧૯૮૧, ૫'-૮''<br>B.Com., – સર્વિસ (સફેદ ડાઘ છે) | ઝાલા. દશા શ્રી. સ્થા. જૈન<br>લિંબડી – ઘાટકોપર | (ઘર) ૨૫૦૦૧૫૯૬<br>(મો) ૯૮૯૨૮૯૬૮૧૮ |
| ૨૦) | વિસ્મય પ્રવીણભાઈ ગાંધી, ૧૩-૧-૧૯૮૪, ૫'-૬''<br>S.Y.B.Com., – પ્રિન્ટિંગનો બિઝનેસ (મોઃ ૯૮૩૩૩૧૭૨૪૦) | ઝા. વી. શ્રી. સ્થા. જૈન<br>પાળિયાદ – બોરીવલી | (ઘર) ૨૮૦૬૯૨૫૩<br>(મો) ૯૮૯૨૨૯૫૨૫૦ |
| ૨૧) | મિતુલ ભુપતરાય ઠોસાણી ૧૬-૧-૧૯૭૯, ૫'-૮''<br>B.E. Mechanical – સર્વિસ (શનિ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાવરકુંડલા – મલાડ | (ઘર) ૨૮૮૩૦૮૨૭<br>(મો) ૯૮૧૯૭૦૭૪૯૪ |
| ૨૨) | હેમંત યશવંતરાય શેઠ, ૨૨-૫-૧૯૬૯, ૫'-૫''<br>B.Com., – બિઝનેસ (Divorcee - No Child) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>મોટી પાનેલી – મલાડ | (ઘર) ૨૮૦૭૯૩૭૧<br>(ઑ) ૨૨૬૯૧૭૭૧ |
| ૨૩) | ડૉ. સૌરભ કમલેશભાઈ શાહ, ૭-૪-૧૯૮૬, ૫'-૮''<br>BDS, – | —<br>હાલ ઘાટકોપર | (મો) ૯૭૦૨૪૮૬૧૭૧<br>૭૨૦૮૬૧૪૦૨૭ |
| ૬) | જિગર પન્નાલાલ શાહ, ૧૩-૭-૧૯૭૬, ૫'-૮''<br>S.Y.B.Com., – બિઝનેસ (ત્રણ મહિનામાં નિર્દોષ છૂટાછેડા) | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>ટીકર – બોરીવલી | (ઘર) ૨૮૦૫૫૩૬૯<br>(મો) ૯૯૨૦૦૩૩૩૬૮ |
| ૧૫) | વિશાલ બિપીનચંદ ઝવેરી, ૮-૧૨-૧૯૭૩, ૫'-૬''<br>S.S.C., – ડાયમંડ એસોર્ટર-શૅરબજાર (હળવો મંગળ + શનિ) | સુરત વીસા ઓસ. મૂ. પૂ. જૈન<br>સુરત – અંધેરી | (મો) ૯૭૬૯૦૫૮૭૧૫<br>૯૯૨૦૬૯૩૩૮૮ |
| ૧૧) | નૈનેશ જશવંતલાલ શાહ, ૨૬-૧-૧૯૬૮, ૫'-૮''<br>B.Com., – બિઝનેસ (મંગળ છે) | દેરાવાસી જૈન<br>આગલોડ – બોરીવલી | (ઘર) ૨૮૯૩૭૧૯૨<br>(મો) ૯૮૨૧૫૬૪૯૯૬ |



Now or Never
અકલ્પનિય ડિસ્કાઉંટ ઓફર
દિવાળી, નાતાળ અને નવા વર્ષના પેકેજીસ માટે!!!
STAR CRUISES
The Leading Cruise Line In Asia-Pacific
SUPERSTAR VIRGO
Book Now
& Get Early Bird
DISCOUNTS
અમારા સમાવેશની યાદી ચકાશો, પછીજ ભાવ પુછશો!!!
Pearls/Glimpses of the Orient
વેજીટેરીયન અને
જૈન ગ્રુપ ટુર માટે
all inclusive
Costs
જે બિજા
ટુર ઓપરેટરો
ફક્ત વિચારીજ શકે...
થાઈલેંડ, મલેશિયા
સિંગાપોર
૧૨ રાત્રી / ૧૩ દિવસ
Guideline
TRAVELS PVT. LTD.
KALBADEVI (Head Office) 40622205 / 40622206 / 07
KANDIVALI 28021515 / 2525
GOREGAON 65351500 / 65303600
GHATKOPAR 21021155 / 7785
MULUND 25919100 / 25929100
sales@guidelinetravels.com

Price Rs.5-00

JAGRUTI SANDESH Regd. No. MH/MR North East/03/2010-2012

RNI No. 66215/96 Posted At Patrika Chenal Stg. Office, Mumbai-1. On 23-24/08/2012

www.saintangelos.com

# Get ready for a Global Career

Career oriented Govt. recognized University Degree programs*:

**B.Sc.** in Visual Media (Animation)

**B.Sc.** in System & Network Administration

**BCA** in Web & Software Engineering

**MBA & E-MBA** Smart MBA Online

Your education is the single greatest gift you can give yourself. But what if that 'Graduate degree' you pursue for three years turns out to be of little use for your career? St. Angelo's is proud to offer you Certified Professional Degree programs from reputed Universities, that will not only add to your qualification but will also help you get a promising career ahead.

**Our other programmes:**

- Smart MBA Online - MBA & E-MBA
- MCA: Master in Computer Application
- M. Sc. in Computer Science
- M. Sc. in Information Technology
- PG Diploma in Information Technology


Affiliation with renowned Universities:

Call us today to begin your global career:

**986 786 4444 / 932 003 6666**

Email: enquiry@saintangelos.com

*All University Programmes at St. Angelo's Professional Education are offered in Distance Education mode from Govt. recognized Universities approved by UGC



**St. Angelo's**

PROFESSIONAL EDUCATION

INSTITUTION FOR TECHNOLOGY & MANAGEMENT

Hon.Editor: Ramesh Sanghavi, Publisher : Jain Jagruti Centre Central Board, 201, Matharu Arcade, Subhash Road, Vile Parle (E), Mumbai-400 057. Ph : 66973038. Printed at Nitin Badani, Arihant Printing Press, Ghatkopar (E), Mumbai-75. Mobile : 9223430415